અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ ઓગસ્ટ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ વદ ૫ | અંક : ૫૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજ્યના ખેડૂતો માટે રાજ્ય સરકારની મોટી ભેટ

## રાજ્ય સરકારે ૩૫૦ કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી

### કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક નુકશાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાત વિધાનસભામાં નાના ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. આગળ તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળી કુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને SDRF-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે. જેમાં રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણોમાં (૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો પણ મળ્યા છે. આવા અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ. ૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે. ધરતીપુત્રો માટે ઉદાર હૃદયે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિ મંત્રીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રી તેમજ નાણાં મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.



**ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે**

**નુકશાન પેટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથી ખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે. અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોના નિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે નિયતનમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.**

### SEBIએ ૨૫ જેટલી મોટી કંપનીઓ પર કરી કાર્યવાહી

## અનિલ અંબાણી સહિત ૨૪ અન્ય કંપનીઓ પર પ્રતિબંધ

### અનિલ અંબાણીને ૨૫ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

માર્કેટ રેગ્યુલેટર SEBI એ ડિફોલ્ટર ઉદ્યોગપતિ અનિલ અંબાણી, રિલાયન્સ હોમ ફાયનાન્સના પૂર્વ અધિકારીઓ સહિત ૨૪ અન્ય કંપનીઓ પર ફંડ્સની હેરફેર કરવા બદલ પ્રતિબંધ મૂક્યો છે. તેઓ સિક્યુરિટી માર્કેટમાં કોઈ વ્યવહાર કરી શકશે નહીં. સેબીએ અનિલ અંબાણીને સિક્યુરિટી માર્કેટમાં, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં ડિરેક્ટર અથવા કી મેનેજરિયલ પર્સનલ તથા માર્કેટ રેગ્યુલેટર સાથે નોંધાયેલ કોઈપણ મધ્યસ્થી સહિતની ભૂમિકા પર પ્રતિબંધ લાદવા ઉપરાંત રૂ. ૨૫ કરોડની પેનલ્ટી પણ ફટકારી છે. તેમજ રિલાયન્સ હોમ ફાયનાન્સ પર પણ છ માસનો પ્રતિબંધ લાદતાં રૂ. ૬ લાખની પેનલ્ટી ફટકારી છે.

સેબીએ ૨૨૨ પાનાના અંતિમ આદેશમાં દર્શાવ્યું હતું કે, અનિલ અંબાણીએ RHFLના મુખ્ય અધિકારીઓની મદદથી RHFLમાંથી ફંડ ઉપાડી ગેરરીતિ આચરી લોન પેટે અન્ય કંપનીઓને આપ્યું હતું. RHFLના બોર્ડ ઑફ ડિરેક્ટર્સે કૉર્પોરેટ લોનની નિયમિત સમીક્ષા અને આવી લોન પ્રક્રિયા રોકવા માટે સખત નિર્દેશો જારી કર્યા હોવા છતાં કંપની મેનેજમેન્ટે આ આદેશોની અવગણના કરી હતી. અનિલ અંબાણીના પ્રભાવ હેઠળ અમુક મુખ્ય અધિકારીઓ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સંજોગોને જોતાં, ગુનો આચરવામાં વ્યક્તિગત અધિકારીઓની સાથે RHFL કંપની પણ પોતે તેટલો જ હિસ્સો બની છે.

વધુમાં, બાકીની કંપનીઓએ RHFL પાસેથી ગેરકાયદેસર રીતે ફંડ્સ ડાયવર્ઝન કરવા ગેરકાયદેસર રીતે લોન મેળવવાની ભૂમિકા ભજવી છે. જેથી તેમના પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અનિલ અંબાણીએ ADA ગ્રુપના ચેરપર્સન તરીકેના પદનો અને RHFLની હોલ્ડિંગ કંપનીમાં તેમના નોંધપાત્ર પરોક્ષ શેરહોલ્ડિંગનો દુરુપયોગ કરી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે.



કંપનીના મેનેજમેન્ટ અને પ્રમોટરે પોતાની સત્તાનો દુરુપયોગ કરતાં કોઈપણ પ્રકારની સંપત્તિ, રોકડ પ્રવાહ, નેટવર્થ અને આવક ન ધરાવતી કંપનીઓની હજારો કરોડની લોન મંજૂર કરી હતી. જેઓ લોન ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. જેમાં મોટાભાગના દેણદારો રિલાયન્સ હોમ્સના પ્રમોટર્સ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે. રિલાયન્સ હોમ ફાયનાન્સે હજારો કરોડ રૂપિયાની લોનમાં ગેરરીતિ કર્યા બાદ ડિફોલ્ટ થઈ હતી. આ કૌભાંડ જાહેર થતાં શેરની કિંમત બે વર્ષમાં જ રૂ. ૬૦થી ૦.૭૫ થઈ હતી. અત્યારે પણ ૯ લાખથી વધુ શેરધારકો મોટા નુકસાનનો સામનો કરી રહ્યા છે.

૨૪ પ્રતિબંધિત સંસ્થાઓમાં રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ(RHFL)ના ભૂતપૂર્વ મુખ્ય અધિકારીઓ અમિત બાપ્રા, રવિન્દ્ર સુધલકર અને પિંકેશ આર શાહ સામેલ છે. જેમને પ્રતિબંધ અને પેનલ્ટીની સજા થઈ છે. અનિલ અંબાણી પર રૂ. ૨૫ કરોડ, બાપ્રા પર રૂ. ૨૭ કરોડ, સુધલકર પર રૂ. ૨૬ કરોડ અને શાહ પર રૂ. ૨૧ કરોડની પેનલ્ટી ફટકારાઈ હતી. વધુમાં, રિલાયન્સ યુનિકોર્ન એન્ટરપ્રાઇઝિસ, રિલાયન્સ એક્સચેન્જ નેક્સ્ટ LT, રિલાયન્સ કૉમર્શિયલ ફાયનાન્સ લિમિટેડ, રિલાયન્સ ક્લિનજેન લિમિટેડ, રિલાયન્સ બિઝનેસ બ્રોડકાસ્ટ ન્યૂઝ હોલ્ડિંગ્સ લિમિટેડ અને રિલાયન્સ બિગ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ સહિતની બાકીની સંસ્થાઓને દરેકને રૂ. ૨૫ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી છે.

### મોદી પહોંચ્યા યુક્રેનઃ ઝેલેન્સ્કીના ખભે હાથ મૂકીને કરી વાત



। (એજન્સી) કિવ, તા.૨૩ ।

રશિયા અને યુક્રેન વચ્ચે અઢી વર્ષથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે યુક્રેન પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડમાં બે દિવસીય મુલાકાત બાદ યુક્રેન મુલાકાતે છે. તે સ્પેશિયલ રેલ ફોર્સ વનથી કીવ પહોંચ્યા છે. તે લગભગ ૧૦ કલાકની ટ્રેન મુસાફરી કરી કીવ પહોંચ્યા હતાં. જ્યાં રાષ્ટ્રપતિ જેલેન્સ્કી સાથે મુલાકાત કરી. તેઓ અહીં ૭ કલાક રોકાણ કરશે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ થોડા મહિના પહેલા પીએમ મોદીને યુક્રેન આવવાનું આમંત્રણ આપ્યું હતું. અગાઉ, મોદી અને ઝેલેન્સકી મે ૨૦૨૩માં જાપાનમાં જી-૭ સમિટ દરમિયાન યુદ્ધ પછી પહેલી વાર મળ્યા હતા. વડાપ્રધાન મોદી યુક્રેનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. યુક્રેનની સ્થાપના ૧૯૯૧માં સોવિયત સંઘ છૂટુ પડ્યા બાદ થઈ હતી. ત્યારથી આજ સુધી કોઈ ભારતીય વડાપ્રધાન યુક્રેન ગયા નથી. વડાપ્રધાન મોદીની આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રશિયન હુમલા બાદથી અત્યાર સુધી નાટો દેશો સિવાય અન્ય કોઈ દેશના નેતાએ યુક્રેનની મુલાકાત લીધી નથી.

### યુપીની બસ નેપાળમાં અકસ્માતનો ભોગ બની

## ૪૦ મુસાફરોથી ભરેલી બસ નદીમાં ખાબકી, ૧૪ના મોત

। (એજન્સી) કાઠમંડુ, તા.૨૩ ।

નેપાળમાં શુક્રવારે એક ભારતીય બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ છે. નેપાળ પોલીસે પુષ્ટિ કરી છે કે ૪૦ લોકોને લઈને જઈ રહેલી એક ભારતીય બસ તનહુન જિલ્લાના માર્સયાંગડી નદીમાં ખાબકી. મળતી માહિતી મુજબ UP FT 7623 નંબર ધરાવતી આ બસ નદીમાં ખાબકવાથી ૧૪ જેટલા મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧૫ લોકો ઘાયલ છે. મુસાફરોની હજુ ઓળખ થઈ શકી નથી. બસમાં ૪૦ મુસાફરો સવાર હતા. આર્મ્ડ પોલીસ ફોર્સના પ્રવક્તાના જણાવ્યાં મુજબ ૧૪ મૃતદેહો મળી આવ્યા છે. જિલ્લા પોલીસ કાર્યાલય તનહુના ડીએસપી દીપકુમાર રાયે જાણકારી આપી કે યુપી એફટી ૭૬૨૩ નંબરપ્લેટવાળી બસ નદીમાં ખાબકી અને નદીના કિનારે પડી છે. અધિકારીના જણાવ્યાં મુજબ બસ પોખરાથી કાઠમંડુ જઈ રહી હતી. તેમણે કહ્યું કે ઘટનાસ્થળે પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ હાજર છે. લોકોને બચાવવાની કોશિશ થઈ રહી છે.

સ્થાનિક પોલીસ અને બચાવ ટુકડીએ તરત ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પ્રાથમિક અહેવાલ મુજબ બસના નદીમાં ખાબકવાના કારણો અંગે તપાસ થઈ રહી છે. પ્રશાસને ઘટનાની ગંભીરતા જોતા તમામ જરૂરી ઉપાયો હાથ ધર્યા છે અને



રાહત કાર્યને પ્રાથમિકતા આપી છે. એવું કહેવાય છે કે યુપીના ગોરખપુરની રજિસ્ટર્ડ બસ મુસાફરોને લઈને નેપાળ તરફ ગઈ હતી અને બસમાં સવાર મોટાભાગના મુસાફરો મહારાષ્ટ્રના હતા. આ મામલે યુપીના રિલિફ કમિશનરે કહ્યું કે અકસ્માતનો ભોગ બનેલી બસ ગોરખપુરની છે. ડ્રાઈવર પણ ગોરખપુરનો છે. નેપાળ પ્રશાસન સાથે સંપર્ક કરીને ભાળ મેળવવામાં આવી રહી છે કે બસમાં યુપીના કેટલા લોકો સવાર હતા. અત્રે જણાવવાનું કે નેપાળમાં એક મહિના પહેલા જુલાઈમાં પણ બે બસ ત્રિશુલી નદીમાં ખાબકી હતી. બંને બસોમાં થઈને કુલ ૬૫ લોકો સવાર હતા.

### અરવિંદ કેજરીવાલને રાહત માટે વધુ રાહ જોવી પડશે

## દિલ્હીના CM કેજરીવાલની મુશ્કેલીમાં વધારો થઈ શકે

### અરવિંદ કેજરીવાલની અરજીનો વિરોધ કરીને CBIએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ૨૬ જૂનના રોજ કથિત દારૂ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા છે. હવે લાગે છે કે, જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાહત માટે વધુ રાહ જોવી પડશે. ૐ કેસમાં તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મોકૂફ રાખવામાં આવી છે. સીબીઆઈ દ્વારા વધુ સમય માંગવામાં આવ્યો હતો, જેને કોર્ટે સ્વીકારી લીધો હતો અને ૫ સપ્ટેમ્બરે કેસની યાદી આપવા જણાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેન્ચ સમક્ષ ૐ તરફથી હાજર થતાં જણાવ્યું હતું કે, તેઓએ એક કેસમાં જવાબ દાખલ કર્યો છે, જ્યારે અન્ય કેસમાં જવાબ દાખલ કરવા માટે સમયની જરૂર છે. કેજરીવાલ તરફથી



હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઈની માંગનો વિરોધ કર્યો અને કહ્યું કે, તેઓ દલીલો માટે તૈયાર છે. જસ્ટિસ કાંતે કહ્યું કે, એક કેસમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી છે અને બીજી અરજીનો જવાબ આપવા માટે સીબીઆઈને વધુ એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. જો કોઈ જવાબ હોય તો તેના બે દિવસ બાદ ફાઈલ કરો. આ બાબત ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લિસ્ટેડ હોવી જોઈએ.

### Z સિક્યોરિટી અંગે શરદ પવારનો કેન્દ્રને ટોણો

## શરદ પવારે કેન્દ્ર પર જાસૂસી કરવાનો આરોપ લગાવ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી પ્રમુખ શરદ પવારે કેન્દ્ર પર જાસૂસી કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, શક્ય છે કે મારી ઈન્ફર્મેશન કાઢવા માટે મારી સિક્યોરિટી વધારવામાં આવી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી આવવાની છે. કદાચ તેમને કોઈ જરૂરી જાણકારી જોઈએ. તેથી આ વ્યવસ્થા કરવામાં આવી હશે.

પવારે કહ્યું, ગૃહ મંત્રાલયના એક અધિકારીએ મને જણાવ્યું કે ત્રણ લોકોને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવશે. હુ તેમાંથી એક છુ. મે પૂછ્યું કે અન્ય ૨ કોણ છે. મને જણાવવામાં આવ્યું કે RSS પ્રમુખ મોહન ભાગવત અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ છે. કેન્દ્ર સરકારે ૨૧ ઓગસ્ટે મહારાષ્ટ્રમાં મરાઠા અનામત વિરોધી પ્રદર્શનોને જોતાં શરદ પવારને ઢ સિક્યોરિટી આપી હતી. ૧૦ વધુ CRPF જવાન પવારની સુરક્ષામાં તૈનાત કરવામાં આવ્યા છે. અમુક દિવસો પહેલા રાજ્યમાં અનામત વિરોધી પ્રદર્શનોને લઈને ગુપ્ત એજન્સીઓએ તેમની સુરક્ષાને લઈને એલર્ટ જાહેર કર્યું હતું.

### કમલા હેરિસે DNCના છેલ્લા દિવસે ટોણો માર્યો, ટ્રમ્પે આપી પ્રતિક્રિયા

## 'હું એવો રાષ્ટ્રપતિ બનીશ જેને સામાન્ય સમજ હશે'

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

કમલા હેરિસે ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સ્વીકારતા કહ્યું કે આપણે સાથે મળીને કામ કરવું પડશે. હું તમામ અમેરિકન નાગરિકોના પ્રમુખ બનવાનું વચન આપું છું. દેશને આગળ લઈ જવા માટે તમે મારા પર વિશ્વાસ કરી શકો છો. હું રાષ્ટ્રપતિ બનીશ જે દેશને એક કરશે. યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે શિકાગોમાં ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના છેલ્લા દિવસે શુક્રવારે પાર્ટીની રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સત્તાવાર રીતે સ્વીકારી હતી.કમલા હેરિસે રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સ્વીકારતા કહ્યું કે આપણે જીત તરફ કામ કરવું પડશે. આ દરમિયાન ત્યાં હાજર ભીડ સતત કમલા અને યુએસએના નારા લગાવી રહી



હતી. ડેમોક્રેટિક કન્વેન્શનને સંબોધતા હેરિસે કહ્યું કે છેલ્લા કેટલાક સપ્તાહમાં હું જે માર્ગ પરથી અહીં આવ્યો છું તે મારી અપેક્ષાઓથી વધુ છે. મારી સફર મારી માતાની જેમ અદ્ભુત અને પડકારજનક રહી છે. હું દરરોજ તેને યાદ કરું છું. હું અમેરિકાના રાષ્ટ્રપતિ પદ માટે આ ઉમેદવારી સ્વીકારું છું.કમલા હેરિસે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ ઘણી રીતે બિન-ગંભીર વ્યક્તિ છે.

## વાયનાડ દુર્ઘટનાના પીડિતોને મળેલા વળતરમાંથી બેંકે કાપી લીધી EMI

। (એજન્સી) વાયનાડ, તા.૨૩ ।

કેરળ હાઈકોર્ટે એ શુક્રવારે વાયનાડ દુર્ઘટના પીડિતોને મળેલા વળતરમાંથી EMI કાપવાના અહેવાલો પર કડક ટિપ્પણી કરી. કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા છે કે કેરળ ગ્રામીણ બેંકએ ગયા મહિનાના વિનાશક વાયનાડ ભૂસ્ખલનનો ભોગ બનેલા લોકોના ખાતામાં જમા કરાયેલ વળતરની રકમમાંથી લોનના માસિક હપ્તા (EMI) કાપ્યા હતા. જસ્ટિસ એ.કે. જયશંકરન નામ્બિયાર અને જસ્ટિસ શ્યામ કુમાર વી.એમ. ડિવિઝન બેન્ચે રાજ્યના વકીલને એ જાણવા માટે નિર્દેશ આપ્યો કે શું બેંકો પણ આવા કૃત્યોમાં સામેલ છે. કોર્ટે કહ્યું, "એમાં કોઈ શંકા નથી કે ધિરાણ આપનાર બેંક પૈસા લઈ શકે છે પરંતુ જ્યારે કોઈ ચોક્કસ હેતુ માટે અને ચોક્કસ જવાબદારીઓ પૂરી કરવા માટે બેંક તેને વિશ્વાસમાં રાખે છે, તો બેંક આ પૈસાનો ઉપયોગ કરી શકતી નથી અન્ય કોઈ પણ સંજોગોમાં કરુણા દાખવવી એ આપણી મૂળભૂત ફરજ છે, મહેરબાની કરીને રાજ્યમાં આવી કોઈ ઘટના બની છે તો અમે હસ્તક્ષેપ કરીશું. બાર અને બેંચના અહેવાલ મુજબ, બેન્ચે ખેદ વ્યક્ત કર્યો અને કહ્યું કે આવી પ્રથાઓ દર્શાવે છે કે લોકો તેમની સહાનુભૂતિ ગુમાવી ચૂક્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં એક યુવક રેલવેની હાઈટેન્શન લાઈનના થાંભલે ચઢ્યો

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

એક યુવક સુરત રેલવે સ્ટેશન અને સહારા દરવાજા વચ્ચેના રેલવે ટ્રેકના હાઈટેન્શન લાઈનના થાંભલા પર ચડી ગયો હતો. નશામાં ચકચૂર યુવક ટીશર્ટ કાઢીને થાંભલા પર ચઢી ડાન્સ કરતો હતો. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે રવાના થઈ હતી. ફાયર વિભાગે હાઈટેન્શન લાઈનના પાવરને બંધ કરાવીને ત્રણ કલાક સુધી ટ્રેનો રોકી રાખી હતી અને યુવકને રેસ્ક્યૂ કરીને નીચે ઉતાર્યો હતો. તેને રેલવે પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગઈકાલે મોડી રાત્રે ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે, સુરત રેલવે સ્ટેશન અને સહારા દરવાજા વચ્ચેના રેલવે ટ્રેકના હાઈટેન્શન લાઈનના થાંભલા પર કોઈ યુવક ચડી ગયો છે. આ કોલ મળતાંની સાથે જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. તે ઉપરાંત સુરત રેલવે સ્ટેશનના અધિકારીઓ, પોલીસ અને RPFના જવાનો પણ દોડતા થઈ ગયા હતા. યુવકનું રેસ્ક્યૂ કરવા હાઈટેન્શન લાઈનના પાવરને બંધ કરી દેવામાં આવ્યો હતો. ફાયર અને પોલીસ દ્વારા યુવકને નીચે ઊતરી જવા સમજાવવામાં આવી રહ્યો હતો.

### આણંદમાં બેન્કમાં ખાતા માટે નકલી દસ્તાવેજ બનાવાતાં ફરિયાદ કરાઇ

। (એજન્સી) આણંદ, તા.૨૩ ।

સાયબર ક્રાઈમ અંગે પ્રજાજનોમાં જાગૃત્તિ ફેલાવવાનું તેમજ સાયબર ક્રીમીનલોને ઝડપી પાડવાનું કામકાજ કરી રહેલા આણંદ સાયબર ક્રાઈમ પોલીસમથક જ તેનો ભોગ બનતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આણંદ નજીક આવેલા હાડગુડ માં રહેતા એક શખ્સે બિહાર તેમજ અમદાવાદના શખ્સ સાથે મળીને કોટક મહિન્દ્રા બેંકમાં એક ખાતુ અનફ્રિજ તેમજ અનબ્લોક કરાવવા માટે આણંદ સાયબર ક્રાઈમ પોલીસમથકના બનાવટી લેટર હેડ, સિક્કો તેમજ સહી કર્યાનું ખુલવા પામતાં આ અંગે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ઘરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર સાયબર ક્રાઈમ પોલીસમથકમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહે આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ૧૦મી જુલાઈના રોજ કોટક મહિન્દ્રા બેંકમાંથી એક ઈ મેલ આવતા તેમણે પ્રીન્ટ કાઢીને તપાસ કરી હતી. જેમાં એક મેઈલ લેટર સાથે બીજા લેટરની ખરાઈ અંગે તપાસ કરવા જણાવ્યું હતુ. બીજો લેટર જોતા તેમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન લખેલું હતુ. જેમાં એકાઉન્ટ નંબર ૧૦૪૫૩૭૧૫૩૭ આઈએફએસસી કોડ કેકેબીકે૦૦૦૧૮૧નું ખાતુ અનફ્રિજ અને અનબ્લોક કરવાનું અંગ્રેજીમાં લખાણ હતું. જેની નીચે આણંદ સાયબર ક્રાઈમ પોલીસનો ગોળ રાઉન્ડ સીલ પણ મારવામાં આવ્યો હતો.

### દાદાની અંતિમ વિધિમાં હાજર રહી શકશે

# ઇસ્કોન બ્રિજ અકસ્માત : તથ્ય પટેલને એક વર્ષ બાદ જામીન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

શહેરમાં ઈસ્કોન બ્રિજ પર એક વર્ષ પહેલા થયેલા ૯ લોકોનો જીવ લેનારા તથ્ય પટેલને હંગામી જામીન મંજૂર કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, તેમની જેગુઆર કાર દ્વારા કરવામાં આવેલા અકસ્માતમાં ૧૧ લોકોના મોત નીપજ્યા હતા. અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા માત્ર એક દિવસ માટે પોલીસ જાપ્તા સાથે જામીન મંજૂર કરવામાં આવ્યા છે.

તથ્યના દાદાના મરણક્રિયાના કારણોસર જામીન માંગવામાં આવ્યા હતા. જે બાદ દાદાની અંતિમવિધી માટે જામીન મંજૂર કરવામાં આવ્યા છે. જોકે, અંતિમવિધી બાદ ફરીથી જેલમાં પરત લઈ જવા કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, તથ્ય પહેટે એક વર્ષ પહેલા ૧૯મી જુલાઈની રાત્રે સર્જેલા અકસ્માતમાં ૯ લોકોને જીવતા કચડી નાખ્યા હતા. જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલે બે દિવસ પહેલા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તથ્યના દાદા બીમાર છે અને દાદાની તબિયત ગંભીર હોવાથી તેમને કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે વચગાળાના જામીન આપવામાં આવે. આ દરમિયાન ગઈકાલે સુનાવણી પહેલાં જ તેમના દાદાનું મોત થયું હતું. જેથી તથ્ય તરફે એવી દલીલ કરવામાં આવી હતી કે, દાદાનું મોત થયું છે, તેમની અંતિમવિધિ કરવાની છે, ત્યારબાદ બેસણું અને ૧૨, ૧૩માં દિવસની વિધિ કરવાની હોવાથી તથ્યની હાજરી જરૂરી છે, ત્યારે



ચાર અઠવાડિયાના જામીન આપવા જોઈએ. આ મામલે સરકારી વકીલને નોટિસ ઈશ્યુ કરી હતી. જેથી સરકારી વકીલ તારાબા ચુડાસમા હાજર રહ્યાં હતાં. તેમણે જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, આરોપી સામે ગંભીર ગુનો છે, અંતિમવિધિ માટે જામીન આપી શકાય, પરંતુ ચાર અઠવાડિયા સુધીનો સમય ન આપી શકાય. કોર્ટે બંને પક્ષોની આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી તથ્યને પોલીસ જાપ્તા સાથે દાદાની અંતિમ વિધિની ક્રિયામાં હાજર રહેવા માટે જામીન મંજૂર કર્યા હતા.

### પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ પણ જર્જરિત હાલતમાં

# છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોનું ભવિષ્ય રૂંધાયું

### પ્રાથમિક શાળાની અંદર કાયમી શિક્ષકો ન હોવાને લઈને બાળકોને અભ્યાસ કરવામાં મુશ્કેલી પડી રહી છે

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૩ ।

રાજ્યનો સરહદી અને આદિવાસી વિસ્તાર એટલે છોટાઉદેપુર જિલ્લો છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે સરકાર મોટા-મોટા દાવાઓ કરે છે. પરંતુ પ્રાથમિક શાળાઓની અંદર શિક્ષકો ન હોય તો કેવી રીતે શિક્ષણનું સ્તર ઊંચું આવશે. આમ તો સરકાર મોટા મોટા સ્લોગોનો આપતી હોય છે. જેવા કે ભનશે ગુજરાત આગળ વધશે ગુજરાત સૌ ભણે સૌ આગળ વધે સર્વ શિક્ષા અભિયાન બેટી બચાવો બેટી પઢાવો જેવા સ્લોગનો આપે છે. પરંતુ છોટાઉદેપુર જિલ્લાના કવાટ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આ સ્લોગનો પોકર સાબિત થઈ રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ વજેપુર ગામે વજેપુર એક અને વજેપુર બે પ્રાથમિક શાળા આવેલી છે. જેમાંની વજેપુર બે પ્રાથમિક શાળા એકથી પાંચ ધોરણની આવેલી છે. જેમાં બાલવાટિકા થી લઈને ધોરણ પાંચ સુધી બાળકોની ૩૬ની સંખ્યા આ પ્રાથમિક શાળાની અંદર છે. જ્યારે આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષકોની વાત કરીએ તો મહેકમ પ્રમાણે બે શિક્ષકો હોવા જોઈએ. પરંતુ છેલ્લા બે વર્ષથી આ પ્રાથમિક શાળાની અંદર કાયમી કે રેગ્યુલર શિક્ષકો જ નથી. અગાઉ જે શિક્ષકો હતા તે બદલી કરાવીને જતા રહ્યા હતા. જેને એક વર્ષ વીત્યા છતાં હજુ સુધી આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જ્યારે ગામ લોકોએ વારંવાર કાયમી શિક્ષકોની ભરતી કરવાની માંગ કરી હતી. પરંતુ તેઓની કોઈ માંગ સ્વીકારવામાં આવી નથી. જ્યારે આ પ્રાથમિક શાળા નું બિલ્ડીંગ પણ જર્જરિત હાલતમાં છે. એટલે એક જ રૂમમાં બાળકોને અભ્યાસ કરવવામાં આવી રહ્યો છે. અને હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોય જેને લઈને આ શાળાની અંદર પાણી પણ ટપકી રહ્યું છે. જ્યારે તંત્ર દ્વારા વજેપુર બે પ્રાથમિક શાળાની અંદર હાલ ૧૫ ૧૫ દિવસે એક એક શિક્ષક મૂકવામાં આવ્યો છે. પરંતુ તે પણ રેગ્યુલર ન આવતા બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. જે સ્કૂલમાંથી શિક્ષકો વજેપુર બે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવવા આવી રહ્યા છે. જે શિક્ષકને રેગ્યુલર જ્યાં ભરતી થઈ હોય તે સ્કૂલમાં પણ બાળકોને અભ્યાસ કરવવામાં મુશ્કેલી પડી રહી છે. જ્યારે ગામ લોકોના જણાવ્યા પ્રમાણે વજેપુર બે પ્રાથમિક શાળાની અંદર કાયમી શિક્ષક ન હોવાને લઈને બાળકોને ભારે મુશ્કેલી પડી રહી છે. અને અત્યારે બીજી સ્કૂલોમાંથી શિક્ષકો ૧૫ ૧૫ દિવસે આવી રહ્યા છે. પરંતુ શિક્ષકો રેગ્યુલર ન આવતા હોવાને લઈને ગામ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અને જો શિક્ષકોને ઉચ્ચ કક્ષાએ જો કોઈ કામગીરી સોંપવામાં આવે અને શિક્ષકો તે કામમાં જાય તો તે દિવસે આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષક પણ હોતા નથી. અને ખુદ બાળકો અભ્યાસ જાતે કરે છે. અને જે શિક્ષક આવે છે. તે શિક્ષક ચાર્જમાં આવે છે. અને ખુદ ચાર્જમાં આવેલ શિક્ષકો કબુલાત કરી રહ્યા છે. કે બાળકોને જેવો અભ્યાસ આપવો જોઈએ તેવો અભ્યાસ અમે પણ આપી શકતા નથી. જ્યારે ગામ લોકો તેવું પણ કહી રહ્યા છે. કે વજેપુર ગામની પ્રાથમિક શાળા રામ ભરોસે ચાલતી હોય એવું અમને લાગી રહ્યું છે.

### ઝાલોદ શહેરમા જનતાને પ્રાથમિક સુવિધાઓ ત્વરિત પુર્ણ કરવા આપ પાર્ટી દ્વારા રજૂઆત કરાઈ

#### બિસ્માર રસ્તાઓ,પાણીના નિકાલ, ગંદકી, સ્ટ્રીટ લાઇટો સહિત શુદ્ધ પાણી બાબતે મામલતદારને કરાઈ રજૂઆત



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

હાલ ઝાલોદ નગરમા વહીવટદાર શાસન ચાલતુ હોવાથી લોકોને અનેક હાલાકી પડી રહી છે,ખાસ કરી જયા જોવો ત્યા બિસ્માર સડકો પર મસમોટા ખાડાઓ, ચોમાસા દરમિયાન પાણીનો નિકાલ ના થતા વેપારીઓની દુકાનમા પાણી ભરાઈ જતા હાલાકી, તેમજ ઘણા વિસ્તારોમા સ્ટ્રીટલાઈટનો અભાવ સાથે નગરમા જોવા મળી આવે છે,આમ સરકાર દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી હેઠળ જે ગ્રાન્ટો ફાળવવામા આવતી હોય તે બાબતે નગરમા કોઈ ચોક્કસ કામગીરી જણાય આવતી નથી, આમ હાલ લોકો અનેક પારાવાર મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે, જેમા રોડ-રસ્તાઓ બિસ્માર તેમજ ખાડાઓ,વરસાદી પાણીનો અયોગ્ય નિકાલ તેમજ બંધ સ્ટ્રીટ લાઈટો સહિત અનેક હાલાકી વિશે અવાર નવાર રજૂઆત કરવા છતા તંત્ર આખ આડા કાન કરીને વહીવટ કરતુ જણાય આવે છે જે અનુસંધાને ઝાલોદ આપ પાર્ટી પ્રમુખ અનિલ ગરાસિયાએ લોકોની સમસ્યાઓ બાબતે રુબરુ મામલતદાર કચેરી પહોંચી લોકોના મુખ્ય પ્રશ્નો ત્વરિત દુર કરવા રજૂઆત કરી હતી,સાથે જ જો આ બાબતે ત્વરિત કામગીરી વિલંબ કરાશે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશુ તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

### ATMમાંથી નાણા કાઢવામાં કરામત કરી એન્જિનિયરે ૨૦ લાખ રૂપિયા ઉપાડી લીધા

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

એટીએમમાં નાણા ઉપાડતી વખતે મશીન બંધ કરીને કરામત કરીને એક એન્જિનિયરે ગુજરાતભરમાંથી અલગ અલગ બેક્રોના એટીએમમાંથી રૂપિયા ૨૦ લાખ ઉપાડી લીધા હતા. એટલું જ નહીં એન્જિનિયરે એટીએમ ખોલવા માટે ચાવી પણ ઓનલાઈન મગાવેલી હતી. રાજકોટમાં ફરિયાદ થતાં પોલીસે એન્જિનિયરની ધરપકડ કરીને ૨૩મી સુધીના રિમાન્ડ પર લીધો છે. આ કિસ્સા મામલે રાજકોટમાં કેનેરા બેક્રના મેનેજર અક્ષય અવધેશકુમાર આનંદ (ઉ.૩૪)એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ ગત તા.૧૩ના રોજ બેંકના એટીએમમાં લગાવેલા સીસીટીવી કેમેરા જોતા તા.૧૩ના સવારના ૭ વાગ્યાની આસપાસ એક માણસ એટીએમમાં પ્રવેશ કરી આજુબાજુમાં જોઇ તેના ખિસ્સામાથી એટીએમ કાઢી પૈસા ઉપાડવાની પ્રોસેસ કરી હતી. એ પછી ફરીથી આજુબાજુમાં જોઇ તેના ખિસ્સામાંથી એક ચાવી કાઢી મોનીટર ઉપર ચાવી લગાવી, મોનીટર ખોલી નાંખી તેની સ્વીચ બંધ કરી હતી. એ પછી ફરીથી મોનીટરની સ્કિન જેમ હોય તેમ ફીટ કરી પૈસા લઇ જતો હોય એવું જોવા મળ્યું હતું. આ શખ્સે એટીએમનું મોનીટર ચાવીથી ખોલી ત્યાં બાજુમાં રીસ્ટાર્ટ કરવાની સ્વીચ આવે છે, તે દબાવી એટીએમ રીસ્ટાર્ટ કરી અને ઉપાડેલા અને પૈસા તેને મળી જાય છે. પરંતુ, પૈસા ડિસ્પેચની એરર બતાવે છે. બાદમાં તે જ માણસ તા.૧૫ના એટીએમમાં પ્રવેશ કરી અમારી મશીનની મોનીટરની સ્કીન ખોલી તેમા કંઈક કરતો અને થોડીવારમાં નીકળી જતો જોવામાં આવ્યો હતો. બંને દિવસે એક જ શખસ એટીએમમાં આવી તેમાં છેડછાડ કરતો જોવા મળ્યો હતો. બાદમાં અમારા મેઈલમાં ચાર્જબેક પેટ્રેનિંગ એટીએમ (એટીએમને લગતી ફરીયાદના નાણા પરત આપવા બાબત)નો મેઈલ આવ્યો હતો. જે મેઈલ જોતા ટ્રાન્ઝેકશન તા.૧૧ના તેઓની બ્રાન્ચના એટીએમમાં થયેલ જોવામાં આવ્યું હતું. જેથી, તા.૧૧ ના ઝઝૂફ કેમેરા ચેક કરતા અગાઉ એટીએમમાં જોવામા આવતો શખ્સ જ તે સમયે આવ્યો હતો. આ અજાણ્યા શખસે અલગ-અલગ ૩ વખત આવી તા.૧૧ના રૂ.૯૦૦૦, તા.૧૩ના રૂ.૯૦૦૦ અને તા.૧૫ ના રૂ.૧૦,૦૦૦ ઉપાડતી વખતે મશીનની ડીસ્પ્લે ખોલી, તેમાં મશીન રીસેટ કરવાની સ્વીચ ટ્રાન્ઝેકશનમાં એરર ઉભી કરવા બંધ કરી, બાદ તા.૧૧ના રૂ. ૯૦૦૦ ઉપાડી લીધેલા અને મળી ગયેલ હોવા છતા તે પૈસા ખાતામાંથી કપાઈ ગયેલ છે.

### બાબરા પાસે ચાલુ સ્કૂલબસમાં આગ ભભૂકતાં દોડાદોડી : ૨૦ છાત્રોનો બચાવ

। (એજન્સી) અમરેલી, તા.૨૩ ।

અમરેલીના બાબરા તાલુકાના થોરખાણમાં ખાનગી શાળાની બસમાં આજે વિદ્યાર્થીઓ શાળા જતા હતા. એ સમયે જ બસમાં આગ ભભૂકી ઊઠી હતી. જેના પગલે અફરાતફરી મચી હતી. જો કે, ડ્રાઈવરની સમયસૂચકતાના કારણે તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવાયા હતા. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના થોરખાણમમાં આવેલી શ્રી જનતા વિદ્યાલયની સ્કૂલ બસ આજે વિદ્યાર્થીઓને લઈ શાળાએ આવી રહી હતી. આ સમયે જ બસમાં અચાનક ધુમાડો નીકળ્યા બાદ આગ ફાટી નીકળી હતી. બસમાં આગ લાગી ત્યારે ૨૦ વિદ્યાર્થીઓ સવાર હતા. જો કે, ડ્રાઈવરે તુરંત જ બસનો દરવાજો ખોલી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેતા સૌએ રાહત અનુભવી હતી. આ બસમાં આસપાસના ગામડા રાણપર,થોરખાણ,ગરણી સહિત ગામના વિદ્યાર્થીઓ સવાર હતા. આ ઘટનાની જાણ થતા શાળામાં આચાર્ય સહિત ગ્રામજનો દોડી આવ્યા હતા. શાળાના આચાર્યના કહેવા પ્રમાણે શોર્ટ સર્કિટના કારણે બસમાં આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. શાળાના આચાર્ય એમ.બી. ઝાલાએ જણાવ્યું હતું કે, અમારી બસમાં થોરખાણ આવતી હતી ત્યારે રસ્તામાં સાયરન વાગતા ડ્રાયવરએ બસ બંધ કરી ઉતારી વિદ્યાર્થીઓને ઉતારી દેતા ધુમાડો નીકળ્યો અને પછી વિદ્યાર્થીઓને દૂર ખસેડયા હતા. દરમિયાન બસમાં આગ લાગી હતી. અમારા વિદ્યાર્થીઓને કંઈ થયું નથી.

### રાજ્યમાં અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોને ‘જન પોષણ કેન્દ્ર’માં પરિવર્તિત કરવામાં આવી

# દેશમાં વાજબી ભાવની દુકાનો (FPS)ને ‘જન પોષણ કેન્દ્ર’માં પરિવર્તિત કરવાના પાઇલટ પ્રોજેક્ટનો પ્રારંભ

। (માહિતી) ગાંધીનગર ।

દેશનાં ૪ રાજ્યોમાં ૬૦ વાજબી ભાવની દુકાનો (FPS)ને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ જન પોષણ કેન્દ્ર યોજનાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૫૦ ટકાથી વધુ પોષણયુક્ત અને પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વેપારીની આવકમાં વધારો થશે અને લોકો પોષણયુક્ત વસ્તુઓ સીધી ખરીદી શકશે તેમજ લોકોમાં પૌષ્ટિક વસ્તુઓને લઈને જાગૃતિ આવશે. આ પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકારમાન્ય વાજબી ભાવની દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. આવનારા સમયમાં રાજ્યનાં વિવિધ શહેર અને જિલ્લાઓમાં પણ તબક્કાવાર જન પોષણ કેન્દ્રનો પ્રારંભ થશે. વાજબી ભાવની દુકાનો (FPS)ને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે, તેનો લાભ ગ્રાહકોને જ નહિ દરેક દુકાનદારને પણ મળવાનો છે. એટલું જ નહીં અમૂલની પ્રોડક્ટ પણ આ દુકાનમાં મળતી થશે. આમ, આ યોજના અંતર્ગત દુકાનદારોની આવકમાં પણ વધારો થશે. ભારતના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા વાજબી ભાવની દુકાનો (FPS)ને ’જન પોષણ કેન્દ્ર’માં પરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેકટનો દિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં સાબરમતી વિસ્તારમાં ‘જન પોષણ કેન્દ્ર’ના ઉદ્‌ઘાટનમાં કેન્દ્રીય મંત્રી શ્રી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા તો ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યમંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર રૂબરૂ ઉપસ્થિત રહ્યા હતા.






**જન પોષણ કેન્દ્ર યોજના**

ભારત સરકારના ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન વિભાગ દ્વારા ફેર પ્રાઈઝ શોપ્સ (એફપીએસ)ને ‘જન પોષણ કેન્દ્ર (JPK)’ માં પરિવર્તિત કરવા માટે પહેલ શરૂ કરી છે. આ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ વાજબી ભાવના દુકાનદારોની ભૌતિક માળખાકીય, નાણાકીય સ્થિરતા વધારી શકે તેવા અને વાજબી ભાવની દુકાનેથી લાભાર્થીઓને પોષક તત્ત્વોથી ભરપૂર વસ્તુઓ પૂરી પાડી શકાય તેવા ‘ન્યુટ્રીશન હબ’ તરીકે વિકસાવવાનો સમાવેશ થાય છે. આ વાજબી ભાવની દુકાનો ખાતેથી ઘઉં અને ચોખા સિવાય અન્ય પૌષ્ટિક ચીજવસ્તુઓ જેમ કે વિવિધ કઠોળ, દૂધ, મસાલા, ખાદ્યતેલ વગેરેનું પણ વિતરણ થઈ શકે, એ આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ છે.

**બોક્સ મેટર ૨**

**પાઇલોટ પ્રોજેક્ટ હેઠળ ચાર રાજ્યોમાં પ્રારંભ**

ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને તેલંગણા સ્માર્ટ-એફપીએસ સ્થાપિત કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરની કુલ ૧૫ વાજબી ભાવની દુકાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**બોક્સ મેટર ૩**

**અમદાવાદ શહેરની પસંદગી પામેલ વાજબી ભાવની દુકાનો વિશે**

અમદાવાદ શહેરની પસંદગી પામેલ વાજબી ભાવની દુકાનો ખાતે રીનોવેશન કરવામાં આવ્યું છે તથા કુલ ૧૫ દુકાનો પૈકી હાલ ૭ દુકાનદારશ્રીઓ દ્વારા દુકાનોએ અમૂલની પ્રોડક્ટ્સના વેચાણ સબંધિત કામગીરી માટે ડિપોઝિટ ભરપાઈ કરી છે તથા કરારનામું કર્યું છે. અમૂલ તરફથી સબંધિત દુકાનદારોને ડીપફ્રીજ, ફ્રીજ, સાઈન બોર્ડ તથા માલસામાન પૂરો પાડવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા સ્મોલ ઈન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ બેક્ર ઓફ ઈન્ડિયા (SIDBI)ના માધ્યમથી સદર ૧૫ વાજબી ભાવના દુકાનદારને દુકાનના અપગ્રેડેશન માટે રૂા.૫૦,૦૦૦ ની ગ્રાન્ટ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ આપવામાં આવનાર છે. ઓનલાઈન પોર્ટલ પર ઓર્ડર આપનાર અમદાવાદ શહેરની વાજબી ભાવની દુકાનના ૫ (પાંચ) દુકાનદારોને SIDBI દ્વારા ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫,૦૦૦/- તેઓના બેંક એકાઉન્ટમાં જમા કરી દેવાયા છે,જ્યારે અન્ય દુકાનદારોની કાર્યવાહી પ્રગતિમાં છે.

**બોક્સ મેટર ૪**

**દુકાનદારોને મહત્તમ રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં સહાય અપાશે**

આ યોજનાના અંતર્ગત ભારત સરકારના SIDBI દ્વારા મહત્તમ રૂ.૫૦,૦૦૦ની સહાય કરવામાં આવશે. દુકાનદારો આ યોજનાને વધુ સારી રીતે આગળ વધારી શકે તે માટે હાલ ગુ.રા.ના.પુ. નિગમ દ્વારા સબંધિત ૧૫ દુકાનદારોને રૂ.૧ લાખની મર્યાદામાં સહાય કરવામાં આવી રહી છે, આમ રૂ.૧.૫ લાખ સુધીની સહાય દુકાનદારોને અપાશે.

ન્યૂઝ બ્રિફ

## દીકરીઓની સુરક્ષા સાથે ખિલવાડ કરનારાઓ વિરુદ્ધ આકરા પગલાં ભરવામાં આવશે



। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૩ ।

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહિલા સુરક્ષા મામલે કડક ચેતવણી આપી છે. તેમણે મુઝફ્ફરનગરમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, રાજ્યની દીકરીઓની સુરક્ષા સાથે ખિલવાડ કરનારાઓ વિરુદ્ધ આકરા પગલાં ભરવામાં આવશે. જો દીકરીઓની સુરક્ષા સાથે ખિલવાડ કર્યો તો તેમને રસ્તા પર યમરાજ ઉભેલો જોવા મળશે : યોગી આદિત્યનાથ. તેમણે ગુનેગારોને ચેતવણી આપી છે કે, જો દીકરીઓની સુરક્ષા સાથે ખિલવાડ કર્યો તો તેમને રસ્તા પર યમરાજ ઉભેલો જોવા મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, જો માતા-દીકરીઓ અસુરક્ષિત હશે તો સમાજનું ભવિષ્ય અંધકારમય બની જશે. અમે સત્તામાં એટલા માટે છીએ કે, દીકરીઓ સુરક્ષિ રહે અને વેપારીઓનું સન્માન જળવાય. તેમણે એમ પણ કહ્યું કે, વેપારીઓના સન્માન સાથે ખિલવાડને પણ સહન કરવામાં નહીં આવે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્ય નાથે આ પહેલા પણ ગુનેગારોને આવી ચેતવણી આપી હતી. તેમનું સ્પષ્ટ કહેવું છે કે, જો મહિલાઓ અને દીકરીઓ સાથે ખોટું કામ કરવામાં આવશે તો તેને છોડવામાં નહીં આવે. પોલીસે તેવા લોકો સામે કડક કાર્યવાહી કરી શકે છે.



યુક્રેનના કિવ ખાતે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું.

### દેશના લોકોના મંતવ્યો લેવાયા

## મોદીના અનુગામી તરીકે કોની પસંદગી થશે તે અંગે કરાયો સર્વે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સમગ્ર દેશમાં લોકસભાની ચુંટણી વખતથી જ આમ જનતાના મનમાં સવાલ ઉઠવા માંડ્યો હતો કે મોદી બનશે દેશના વડાપ્રધાન કે પછી બીજું કોઈ? પરંતુ જનતાના પ્રશ્નો પર નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બની ને પૂર્ણ વિરામ મૂકી દીધું , પરંતુ હવે આ સવાલ ભાજપાના સમર્થકો વચ્ચે સવાલ ઊઠી રહ્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી કોણ છે? જે સ્વાભાવિક પણ છે. નરેન્દ્ર મોદીએ બે કાર્યકાળ પૂર્ણ કર્યા છે , અને હવે તેમનો વડાપ્રધાન તરીકે ત્રીજી વખતનો કાર્યકાળ શરૂ થયો છે. આ દરમિયાન દેશનું ભાવિ કોના હાથમાં સોંપવું એ નક્કી કરવા એક સરવે કરવામાં આવ્યો અને એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે દેશના લોકો વડાપ્રધાન મોદી પછી કોને પીએમ તરીકે જોવા માંગે છે. સર્વે મુજબ, ૨૫ ટકાથી વધુ લોકોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી જેવા વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પછી સીએમ યોગી આદિત્યનાથને ૧૯ ટકા મત મળ્યા હતા.

### ઘટનાસ્થળેથી આરોપીની ધરપકડ

## કર્ણાટકની સરકારી હોસ્પિટલમાં ૬૫ વર્ષની મહિલા દર્દી પર બળાત્કાર

। (એજન્સી) કર્ણાટક, તા.૨૩ ।

કોલકાતા બાદ હવે કર્ણાટકના ચિક્કાબલ્લાપુર જિલ્લાની સરકારી હોસ્પિટલમાં એક વ્યક્તિએ ૬૫ વર્ષની મહિલા દર્દી પર બળાત્કાર ગુજાર્યો છે. આ ઘટના બુધવારે રાત્રે ૨ વાગ્યાની આસપાસ જણાવવામાં આવી રહી છે. જો કે હોસ્પિટલમાં હાજર લોકોએ આરોપીને પકડીને પોલીસને હવાલે કર્યો હતો. કહેવાય છે કે હોસ્પિટલના ઓક્સિજન પ્લાન્ટ પાસે ૬૫ વર્ષની એક મહિલા મોડી રાત્રે સૂતી હતી. ત્યારપછી એક વ્યક્તિ ત્યાં આવ્યો અને મહિલા પર બળાત્કાર કરવા લાગ્યો. આ દરમિયાન મહિલા ચીસો પાડવા લાગી. પીડિતાનો અવાજ સાંભળીને હોસ્પિટલમાં હાજર લોકો ત્યાં પહોંચી ગયા. અને મહિલાને તે બદમાશના ચુંગાલમાંથી બચાવી લીધી.મહિલાને સુરક્ષિત કર્યા બાદ લોકોએ આરોપીને પકડી લીધો. જે બાદ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. પોલીસે ત્યાં પહોંચીને આરોપીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મહિલા ચિંતામણીના બહારના વિસ્તારમાંથી હોસ્પિટલમાં સારવાર માટે આવી હતી. સારવારમાં વિલંબને કારણે તેણે હોસ્પિટલમાં જ રહેવાનું નક્કી કર્યુ.જ્યારે મહિલા સૂઈ રહી હતી.

## પૂર્વ પ્રિન્સિપાલ ડો. સંદીપ ઘોષના પોલીગ્રાફી ટેસ્ટની માંગણી કરી



। (એજન્સી) કોલકાતા, તા.૨૩ ।

સીબીઆઈએ આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડો.સંદીપ ઘોષના પોલીગ્રાફી ટેસ્ટની માંગણી કરી છે. ગુરુવારે, સંદીપ ઘોષ સિવાય, સીબીઆઈ અન્ય ૪ તાલીમાર્થી ડૉક્ટરો સાથે કોર્ટ પહોંચી હતી, જેમણે મૃતક સાથે છેલ્લું રાત્રિભોજન કર્યુ હતું. આ કેસના મુખ્ય આરોપી સંજય રોયના પોલીગ્રાફી ટેસ્ટ માટે પણ પરવાનગી માંગવામાં આવી છે.સીબીઆઈ આરોપીને પોલીગ્રાફી ટેસ્ટ અને મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન માટે અરજી માટે સિયાલદાહ કોર્ટમાં લાવી હતી. પોલીગ્રાફી ટેસ્ટમાં, જજ અને જે વ્યક્તિનો પોલીગ્રાફી ટેસ્ટ કરાવવાનો હોય તે બંનેની સંમતિ મેળવવી જરૂરી છે. આરોપી સંજય રોયના પોલીગ્રાફી ટેસ્ટનો મામલો પણ કોર્ટમાં છે, જેના પર આવતીકાલે નિર્ણય લેવાનો છે.કોલકાતાની ઘટનામાં આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષની મુશ્કેલીઓ સતત વધી રહી છે અને તેમની સામે દરરોજ નવા મોરચા ખુલી રહ્યા છે. બુધવારે સંદીપ ઘોષને પહેલો મોટો ફટકો ત્યારે લાગ્યો જ્યારે હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી. ડો. ઘોષે મીડિયામાં તેમના વિશેના સમાચારો પ્રકાશિત કરવા અને પ્રસારિત કરવા પર પ્રતિબંધ મૂકવાની વિનંતી કરી હતી.જે બાદ બંગાળ સરકાર તરફથી બીજો મોટો ઝટકો લાગ્યો છે. સરકારે ડો.ઘોષના ટ્રાન્સફર ઓર્ડરને રદ કર્યો છે. અહીં કોલકાતા પોલીસે પણ સંદીપ ઘોષ પર કાર્યવાહી તેજ કરી છે. પોલીસે હવે મૃતક મહિલા ડૉક્ટરની ઓળખ છતી કરવાના સંબંધમાં ડૉ. ઘોષને સમન્સ મોકલ્યા છે. જોકે, સીબીઆઈની પૂછપરછના કારણે તે હાજર થઈ શક્યો ન હતો અને બીજી તારીખ માંગી હતી.સીબીઆઈએ બુધવારે સંદીપ ઘોષની પણ ૧૩ કલાક સુધી પૂછપરછ કરી હતી. અત્યાર સુધીમાં કુલ ૭૭ કલાકની પૂછપરછ થઈ છે. પરંતુ ઘણા પ્રશ્નોના જવાબ શોધવાના બાકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘોષને પૂછવામાં આવ્યું કે શું તેમણે આરજી મેડિકલ કોલેજમાં મૃતકનું પોસ્ટમોર્ટમ કરાવવાનો આગ્રહ કર્યો હતો?

### ઉજ્જૈનમાં સુવિધા બાબતે થયા કડવા અનુભવ

## અસુવિધાના મામલે યાત્રિકોએ IRCTC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

। (એજન્સી) ઉજ્જૈન, તા.૨૩ ।

ગુજરાતમાં IRCTCની વિશેષ ટ્રેન દ્વારા ૭ જ્યોતિર્લિંગના દર્શનાર્થે ગયેલા ૪૦૦ યાત્રિકોને કડવા અનુભવ થયા છે. ઉજ્જૈનમાં યાત્રિકોને ભોજન સહિતની સુવિધા મુદ્દે અવ્યવસ્થા સહન કરવાનો વારો આવ્યો છે. ૭ જ્યોતિર્લિંગની યાત્રાને લઈને ૪૦૦ યાત્રિકોએ બુકિંગ કરાવ્યુ હતુ. આ બુકિંગના ૫૦ હજાર રૂપિયા તેમણે ખર્ચ્યા હતા. યાત્રિકોનો આક્ષેપ છે કે ૫૦,૦૦૦ ખર્ચવા છતા સુવિધાનો સદંતર અભાવ જોવા મળ્યો છે. યાત્રાળુઓએ IRCTCના વિરોધમાં નારા લગાવી બળાપો ઠાલવ્યો હતો. અસુવિધા મામલે યાત્રિકોએ IRCTC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. એક યાત્રિકના જણાવ્યા અનુસાર તેમને પ્રથમ દિવસથી અસુવિધાનો કડવો અનુભવ થયો હતો અને બીજા દિવસે પણ એ જ સ્થિતિ રહી હતી. ઉપરાંત ઉતારાનું સ્થળ અને ભોજન-નાસ્તા માટેનું સ્થળ ૧૫ કિલોમીટર દૂર રાખવામાં આવ્યુ છે. જેમા યાત્રિકોને તેમના પોતાના પૈસા ખર્ચીને નાસ્તા




સ્થળે જવુ પડ્યુ હતુ. નાસ્તાની ગુણવત્તાને લઈને પણ યાત્રિકોએ સવાલ ઉઠાવ્યા છે. નાસ્તો સારો ન હોવાથી યાત્રિકોએ બહારથી પોતાના ખર્ચે નાસ્તો કરવો પડ્યો હતો. IRCTC સામે પણ યાત્રિકોની ફરિયાદ છે કે અન્ય કોઈ ગાડીનો રિજેક્ટ કરેલો કોચ તેમને ફાળવવામાં આવેલો છે. જેમા કોઈપણ પ્રકારની સુવિધા નથી. વેસ્ટર્ન ટોયલેટ નથી કે ના તો એસીમાં કુલિંગની વ્યવસ્થા છે. બાથરૂમમાં પાણી સુદ્ધા ન આવતુ હોવાની યાત્રિકોની ફરિયાદ છે. યાત્રિકોએ IRCTCની સર્વિસ બાબતે પણ સવાલ ઉઠાવ્યા છે.

### હવે તે આ વિદેશી ટીમમાંથી પણ રજા પર છે!

## ચેતેશ્વર પૂજારા માટે વાપસીના દરવાજા બંધ...

। નવી દિલ્હી, તા.૨૩ ।

સ્ટાર બેટ્સમેન ચેતેશ્વર પુજારા લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર છે. પૂજારાએ ગયા વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. પુજારા ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલ મેચમાં ૪૧ રન બનાવી શક્યો હતો. આ પછી પુજારાને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. હવે ભારતના ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારા માટે કોઈ સારા સમાચાર નથી. પૂજારા આવતા વર્ષે કાઉન્ટી ચેમ્પિયનશિપ (૨૦૨૫ કાઉન્ટી ચેમ્પિયનશિપ) માટે સસેક્સ ટીમમાં પરત ફરશે નહીં. ઈંગ્લિશ ક્લબે તેની સેવાઓ જાળવી રાખવા માટે ઓસ્ટ્રેલિયાના ડેનિયલ હ્યુજીસને છોડવાનું પસંદ કર્યુ છે. ડાબોડી બેટ્સમેન આગામી સિઝનમાં તમામ ચેમ્પિયનશિપ અને ટી૨૦ વિટાલિટી બ્લાસ્ટ મેચો માટે ઉપલબ્ધ રહેશે. ક્લબે એ પણ જાહેરાત કરી હતી કે વેસ્ટ ઈન્ડિઝના જમણા હાથના ઝડપી બોલર જેડન સીલ્સ ચેમ્પિયનશિપની પ્રારંભિક મેચોમાં આ કાઉન્ટી ટીમ માટે રમશે. પૂજારા ૨૦૨૪માં સતત ત્રીજી વખત સસેક્સ તરફથી રમ્યો હતો. હ્યુજિસ પરત ફર્યા તે પહેલા તેણે પ્રથમ ૭ ચેમ્પિયનશિપ




મેચ રમી હતી. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની વાત કરીએ તો, પૂજારાએ ૨૦૨૨-૨૦૨૪ દરમિયાન ૩૪ ઈનિંગ્સમાં ૭૪.૮૦ની એવરેજથી ૨૨૪૪ રન બનાવ્યા, જેમાં ૧૦ સદી અને ૩ અડધી સદી સામેલ છે.સસેક્સના મુખ્ય કોચ પૌલ ફારબ્રેસે સત્તાવાર વેબસાઈટ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘ચેતેશ્વરને સાઈન કરવાનું સરળ કામ નહોતું, પરંતુ ડેનિયલ અમારી જરૂરિયાતો અનુસાર બિલને ફિટ કરે છે અને અમને આનંદ છે કે તે બાકીની સિઝન માટે ઉપલબ્ધ રહેશે.’’ હ્યુજીસે આ વર્ષના બ્લાસ્ટના ગ્રુપ સ્ટેજમાં ૪૩.૦૭ની એવરેજથી ૫૬૦ રન બનાવ્યા હતા, જેમાં ૫ અડધી સદી સામેલ હતી. તેનો સર્વોચ્ચ સ્કોર ૯૬ રન હતો. તે વર્તમાન સિઝનમાં કાઉન્ટી ચેમ્પિયનશિપની બાકીની ૫ મેચ રમવા માટે ઉપલબ્ધ રહેશે.૩૬ વર્ષીય ચેતેશ્વર પૂજારાની ટેસ્ટ કારકિર્દી શાનદાર રહી છે. પૂજારાએ અત્યાર સુધી ૧૦૩ ટેસ્ટ મેચમાં ૪૩.૬૦ની એવરેજથી ૭૧૯૫ રન બનાવ્યા છે. આ દરમિયાન તેના બેટમાંથી ૧૯ સદી અને ૩૫ અડધી સદી આવી. પૂજારાએ ભારત માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ગયા વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમી હતી. પુજારા ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલ મેચમાં ૪૧ રન બનાવી શક્યો હતો. આ પછી પુજારાને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. જો જોવામાં આવે તો, પુજારા ભારતીય ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ચોથા ક્રમે છે. પૂજારાએ અત્યાર સુધી ૨૭૧ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૨૦૮૯૯ રન બનાવ્યા છે. પૂજારાએ આ દરમિયાન ૬૫ સદી અને ૮૦ અડધી સદી ફટકારી છે. સુનીલ ગાવસ્કર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. સુનીલ ગાવસ્કરે ૩૪૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૫૧.૪૬ની એવરેજથી ૨૫૮૩૪ રન બનાવ્યા.

### અત્યાર સુધીમાં ૨૨ લોકોના મોત

## ભારે વરસાદ બાદ ત્રિપુરામાં તબાહી : ૧૭ લાખ પ્રભાવિત

। (એજન્સી) ત્રિપુરા, તા.૨૩ ।

દેશભરમાં ચોમાસાએ જમાવટ કરી છે. જો કે રાજ્યોમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ત્રિપુરામાં પણ કઈક એવી જ સ્થિતિ છે. ભારે વરસાદને કારણે ત્રિપુરામાં છેલ્લા કેટલાક દિવસોમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે અને અન્ય બે લોકો ગુમ થયા છે. તંત્રના જણાવ્યા અનુસાર ત્રિપુરામાં ૪૫૦ રાહત શિબિરોમાં ૬૫,૪૦૦ લોકોએ આશ્રય લીધો છે કારણ કે ભારે વરસાદને કારણે તેમના ઘરોને નુકસાન થયું છે. ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક પોસ્ટમાં લખ્યું છે કે સંતીરબજારના અશ્વની ત્રિપુરા પરા અને દેબીપુરમાં ભૂસ્ખલન બાદ દસ લોકો કાટમાળ નીચે દટાયા છે. તેમણે કહ્યું કે હું મૃતકોના



પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. આ ન ભરી શકાય તેવી ખોટ છે. રાજ્ય સરકારે દરેક મૃતકોના પરિવારને ૪ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. અગાઉ, મહેસૂલ વિભાગના સચિવ બ્રિજેશ પાંડેએ કહ્યું હતું કે રાજ્યમાં ભારે વરસાદને કારણે ૧૨ લોકોના મોત થયા છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે અને બે લોકો લાપતા છે.

## સંદીપ ઘોષ અને ચાર ટ્રેની ડોક્ટરના પોલીગ્રાફ ટેસ્ટ થશે

। (એજન્સી) કોલકાતા, તા.૨૩ ।

કોલકાતાની આરજી કર હોસ્પિટલમાં તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસની કડીઓ જોડવા માટે CBI દિવસ-રાત કામ કરી રહી છે. હવે આ કેસમાં સીબીઆઈ આરજી કર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ અને મહિલા તાલીમાર્થી ડોક્ટરના ચાર સાથી દારોનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવા જઈ રહી છે. સિયાલદહ કોર્ટે આ માટે મંજૂરી આપી દીધી છે. CBIની ટીમ આરોપી સંજય રોયને પણ કોર્ટમાં રજૂ કરનાર હતી કારણ કે સંજયે હજુ સુધી પોલીગ્રાફ ટેસ્ટ માટે પોતાની સંમતિ આપી નથી. વાસ્તવમાં CBIની તપાસ દરમિયાન ૮ અને ૯ ઓગસ્ટની રાતનું રહસ્ય બહાર આવી રહ્યું નથી. તેથી, CBI સંજય રોય, સંદીપ ઘોષ અને હત્યાની રાત્રે પીડિતા સાથે રાત્રિભોજન કરનાર ચાર ડોકટરોનો




પોલીગ્રાફ ટેસ્ટ કરાવવા માંગે છે. કારણ કે ઘટનાનું સત્ય બહાર આવવું ખૂબ જ જરૂરી છે અને CBIને લાગે છે કે તેની પૂછપરછ દરમિયાન આ પાત્રો સત્ય નથી બોલી રહ્યા અથવા તો કોઈ સત્ય છુપાવી રહ્યા છે. કદાચ તેથી જ CBIએ નિર્ણય લીધો કે આ તમામનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવો જરૂરી છે. એટલે કે છેલ્લા ૭ દિવસની પૂછપરછ દરમિયાન સંદીપ ઘોષે સીબીઆઈને આપેલા નિવેદનો સીબીઆઈને સ્વીકાર્ય નથી અને કદાચ સંદીપ ઘોષ પોતાના દિલમાં કોઈ મોટું રહસ્ય છુપાવી રહ્યો હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. આખરે, હત્યાની રાત્રે તે ચાર ડોક્ટરોએ પીડિતા સાથે શું વાત કરી? તમે તેની સાથે શું ખાધું? ભોજન દરમિયાન શું થયું? રાત્રિભોજન પછી શું થયું, પીડિતા ક્યાં ગઈ? એ ચાર ડોક્ટર ક્યાં ગયા? રાત્રિભોજન પછી તે રાત્રે બધા એકબીજાને ક્યારે મળ્યા? CBIએ આ બધું જાણવાની જરૂર છે. તે ચાર ડોકટરો સીબીઆઈ માટે મહત્વપૂર્ણ છે કારણ કે સંજય રોય સિવાય, તેઓ જ એવા હતા જેમણે તે રાત્રે પીડિતાને જીવતી જોઈ હતી. તેમજ મુખ્ય આરોપીએ ખૂબ જ સરળતાથી પોતાનો ગુનો કબૂલી લીધો હતો પરંતુ CBIને મુખ્ય આરોપી સંજય રોય અને તેના નિવેદનો પર શંકા છે. તે ચાર ડોક્ટરોના નિવેદન લીધા બાદ પણ CBI પોલીગ્રાફ ટેસ્ટ દ્વારા સમગ્ર સત્ય જાણવા માંગે છે.

## FASTagને વારંવાર રિચાર્જ કરાવવાની ઝંઝટથી મળશે છૂટકારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ તમામ બેંક્રો માટે એક નવો નિયમ રજૂ કર્યો છે. જે હેઠળ ફાસ્ટેગ અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) જેવી સેવાઓના ઓટો-રિપ્લિશમેન્ટ પર હવેથી કોઈ પ્રી-ડેબિટ નોટિફિકેશન જારી કરાશે નહીં. તેમજ આરબીઆઈએ ફાસ્ટેગ અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)ને ઈ-મેન્ડેટ ફ્રેમવર્કમાં સામેલ કર્યા છે. આ પેમેન્ટ સિસ્ટમમાં રકમ નિશ્ચિત મર્યાદાથી ઓછી હશે તો ગ્રાહકોના એકાઉન્ટ સાથે ઓટોમેટિક જોડાઈ જશે, જેથી ગ્રાહકોને વારંવાર ફાસ્ટેગ રિચાર્જ કરાવવાની ઝંઝટમાંથી છૂટકારો મળશે. ગ્રાહકના એકાઉન્ટ સીધા ફાસ્ટેગ એકાઉન્ટ સાથે લિંક થઈ જતાં ફાસ્ટેગ બેલેન્સ ચેક કરવાની મથામણ કરવી પડશે નહીં. ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક ૨૦૧૯માં બનાવવામાં આવી હતી. રિઝર્વ બેંક્ર ઓફ ઈન્ડિયાના એક સર્ક્યુલરમાં કહ્યું કે, ફાસ્ટેગ અને NCMCમાં બેલેન્સની ઓટો-રિપ્લેનિસમેન્ટ, જે ગ્રાહકોને નિશ્ચિત મર્યાદાથી ઓછુ બેલેન્સ હોવા પર ટ્રિગર કરે છે. તે ઉપલબ્ધ ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવામાં આવશે. આ સુવિધાથી વાસ્તવિક ચાર્જથી ૨૪ કલાક પહેલાં જ ગ્રાહકોને મોકલવામાં આવતાં પ્રી-ડેબિટ નોટિફિકેશનની અનિવાર્યતા દૂર થશે. ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક પ્રથમ વખત ૨૦૧૯માં સર્ક્યુલર મારફત રજૂ કરવામાં આવી હતી.

## સરકારી કર્મચારીઓને મળી શકે છે સારા સમાચાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર આવી શકે છે. આવતીકાલે દેશના તમામ કર્મચારી સંગઠનો સાથે વડાપ્રધાનની બેઠક થવાની છે. પેન્શન, એનપીએસ સહિતના અનેક મુદ્દા ઉપર ચર્ચા થશે. અનેક રાજ્યોમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની થઈ રહેલી માંગ ઉપર પણ ચર્ચા કરવામાં આવશે. વડાપ્રધાન સાથે બેઠક બાદ મહત્વની જાહેરાત થઈ શકે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના કર્મચારીઓ અનેક વર્ષોથી જૂની પેન્શન યોજનાને ફરીથી બહાલ કરવાની માંગણી કરી રહ્યા છે. જેને લઈને અનેક આંદોલન પણ થઈ ચૂક્યા છે. કાર્મિક મંત્રાલયે જેસીએમ સચિવ (સંયુક્ત પરામર્શ તંત્ર) શિવ ગોપાલ મિશ્રા અને જેસીએમના કર્મચારી પક્ષના અન્ય સભ્યોને શનિવારે પીએમના અધિકૃત નિવાસ સ્થાન પર વડાપ્રધાનને મળવા માટે નિમંત્રણ મોકલ્યું છે. બેઠકમાં જૂની પેન્શન યોજનાને બહાલ કરવાનો મુદ્દો ઉઠે તેવી શક્યતા છે. શિવ ગોપાલ મિશ્રાએ અંગ્રેજી અખબાર ધ હિન્દુને જણાવ્યું કે કર્મચારી પ્રતિનિધિઓએ પીએમ મોદીને મળવાની માંગણી કરી હતી. તેમણે કહ્યું કે અમે અનેક મુદ્દાઓ પર સરકારના સંપર્કમાં છીએ. અમે અમારા મુદ્દાઓ વિશે પીએમને મળવા માંગતા હતા. જૂની પેન્શન યોજનાની બહાલી એક મહત્વપૂર્ણ મુદ્દો છે. જેનું હજુ સુધી સમાધાન થયું નથી. અમે વડાપ્રધાન સમક્ષ આ મુદ્દો ઉઠાવીશું.

## તંત્રી લેખ...

# આઠમી આર્થિક વસ્તી ગણતરીની તૈયારીઓ શરૂ


તાજેતરમાં કેન્દ્ર સરકારે આઠમી આર્થિક વસ્તી ગણતરીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. એવું માનવામાં આવે છે કે તે આવતા વર્ષે ઔપચારિક રીતે લોન્ચ કરવામાં આવશે. આર્થિક વસ્તી ગણતરી એ એક મહત્વપૂર્ણ માપદંડ છે, જે સમગ્ર દેશમાં વ્યવસાયોના માળખા અને કામગીરી પર વિગતવાર ડેટા પ્રદાન કરે છે. આના આધારે, આર્થિક પ્રવૃત્તિઓ, માલિકી અને શ્રમ દળના જોડાણ અંગે વિઝન મેળવી શકાય છે અને કેળવી શકાય છે. આ ડેટા રાજ્ય અને જિલ્લા સ્તરે સામાજિક-આર્થિક આયોજન માટે પણ મહત્ત્વપૂર્ણ છે. જોકે ચિંતા એમની એમ જ છે. સૌથી તાજેતરનો ડેટા છેક છઠ્ઠી વસ્તી ગણતરીનો છે. જે સર્વેક્ષણ ઈ.સ. ૨૦૧૩માં હાથ ધરવામાં આવ્યું હતું. તેનાં પરિણામો પણ મોડે મોડે ઈ.સ. ૨૦૧૬માં પ્રકાશિત થયાં હતાં. સાતમી આર્થિક વસ્તી ગણતરી ૨૦૧૯માં હાથ ધરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન ઘણા અવરોધો હતા. પ્રક્રિયા શરૂઆતમાં ર્ભફૈંઘ-૧૯ રોગચાળાને કારણે વિક્ષેપિત થઈ હતી અને ત્યારબાદ એકત્રિત ડેટાની ગુણવત્તા અંગે ચિંતાઓ ઊભી થઈ હતી. સાતમી વસ્તીગણતરીનો ડેટા જાહેર કરવો જરૂરી છે, જેથી વિવિધ સમયગાળા માટે અર્થપૂર્ણ સરખામણી અને વિશ્લેષણ કરી શકાય. એવી પણ હકીકત છે કે આ પ્રક્રિયા કોઈપણ સત્તાવાર સ્પષ્ટતા વિના વિક્ષેપિત કરવામાં આવી હતી. આ પ્રક્રિયાની પ્રામાણિકતા અંગે ઘણા પ્રશ્નો ઊભા થયા છે. તે સમગ્ર આંકડાકીય પ્રણાલીની મજબૂતાઈ પર પણ સવાલ ઉઠાવે છે. ડેટાની ગુણવત્તા અને ભૂતકાળના અનુભવોમાંથી શીખેલા પાઠ વિશે વાત કરતાં, પારદર્શિતા ખૂબ જ મહત્વપૂર્ણ છે અને ડેટા સાર્વજનિક થવો જોઈએ. આ માત્ર ખામીઓને દૂર કરવામાં જ મદદ કરશે નહીં, પરંતુ આંકડાકીય પ્રક્રિયામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે અને ભવિષ્યની આવી ગણતરીઓમાં ડેટા અને વિશ્વસનીયતાને ધ્યાનમાં લેવામાં આવે તેની ખાતરી કરશે. છતાં હજુ સાતમી આર્થિક વસ્તી ગણતરીના ડેટાનો ધડો નથી. આ ઉપરાંત, સરકાર રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણનો ૮૦મો રાઉન્ડ હાથ ધરવાનું વિચારી રહી છે.

# ગુજરાતમાં અંધશ્રદ્ધા વિરોધી કાયદામાં પણ મતોનું રાજકારણ

આપણે ત્યાં રાજકારણીઓ કોઈ પણ નિર્ણય લે ત્યારે સૌથી પહેલાં મતબેંકને ધ્યાનમાં રાખે છે. તેના કારણે સારા ઉદ્દેશ સાથે લેવાયેલા નિર્ણયો પણ અસરકારક બનવાના બદલે અધકચરા રહી જાય છે અને જે ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવાયા હોય એ ઉદ્દેશ પાર નથી પડતો. ગુજરાતની ભાજપ સરકારે બનાવેલો અંધશ્રદ્ધા વિરોધી કાયદો તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ કાયદા દ્વારા ગુજરાતની ભાજપ સરકારે ધર્મના નામે ધતિંગ ચલાવનારા ચોક્કસ સ્થાપિત હિતોને પોતાની દુકાન ધમધોકાર ચલાવવાનો પરવાનો આપી દીધો છે. ગુજરાત વિધાનસભામાં બુધવારે અંધશ્રદ્ધા વિરોધી બિલ પસાર થયું. સમાજમાં અંધશ્રદ્ધા વધી રહી છે અને લોકોની શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને લોકોને છેતરવાની ઘટનાઓ પણ વધી રહી છે, અંધશ્રદ્ધાના કારણે ગંભીર પ્રકારના ગુના પણ વધી રહ્યા છે ત્યારે અંધ્રશ્રદ્ધા વિરોધી કાયદો લવાય એ સારું છે. મહારાષ્ટ્ર અને કેરળ સહિતનાં રાજ્યોમાં આ પ્રકારના કાયદા વરસોથી છે ને ગુજરાતે પણ એ દિશામાં પગલું ભર્યું એ સારું કહેવાય પણ આ બિલમાં અંધશ્રદ્ધાને રોકવા માટે પૂરા મનથી પ્રયત્ન કરવાના બદલે અધકચરા પ્રયાસો કરાયા છે તેના કારણે આ કાયદો અંધશ્રદ્ધાને રોકવાના બદલે હાસ્યાસ્પદ બની જાય એવી પૂરી શક્યતા છે. આ કાયદામાં કેટલીક જોગવાઈઓ એવી છે કે જે સાંભળીને ખરેખર હસવું આવે ને સવાલ પણ થાય કે, આ રીતે અંધશ્રદ્ધા કઈ રીતે રોકાશે? ઉદાહરણ તરીકે આ કાયદામાં અંધશ્રદ્ધા ફેલાવનારા કે લોકોને લૂંટનારા લોકો પગલાં લેવાની જોગવાઈ છે પણ બધા ભૂવાઓ સામે કાર્યવાહી નહીં થાય. ક્યા ભૂવા સામે કાયદા હેઠળ પગલાં લેવાં ને ક્યા ભૂવા સામે પગલાં ના લેવાં એ અધિકારી નક્કી કરશે. કોને ભૂવો કહેવાય ને કોને ભૂવાજી કહેવાય એ કઈ રીતે નક્કી થાય? ક્યો ભુવો શ્રદ્ધા પ્રમાણે કામ કરે છે ને ક્યો અંધશ્રદ્ધા ફેલાવે છે એ કઈ રીતે નક્કી કરી શકાય? ડોક્ટર હોય તો મેડિકલ કોલેજમાં ભણીને ના આવ્યો હોય તેને નકલી ડોક્ટર કહેવાય પણ ભૂવા બનવા માટેની તો થોડી કોલેજો છે કે એ કોલેજની ડીગ્રી લઈને આવ્યો હોય તેને જ માન્યતાપ્રાપ્ત ભૂવો કહેવાય? ભૂવા તો ભૂવા જ હોય ને? ભૂવા બધા સરખા જ કહેવાય ને જે પણ ધર્મના નામે ધતિંગ ચલાવે એ બધાંને ઉઠાવીને અંદર નાખવાના હોય પણ ભાજપ સરકારમાં એટલી હિંમત નથી કેમ કે ભૂવાજીઓ સાથે મતબેંકનું રાજકારણ જોડાયેલું છે. ગુજરાતમાં રબારી સહિતના ઘણા સમાજોમાં ભૂવાજીઓનું સમાજનાં લોકો પર વર્ચસ્વ છે ને તેમના ઈશારે લોકો મત આપતા હોય છે. આ મતબેંકના ઠેકેદાર ભૂવાજીઓને હાથ લગાડે તો તપેલું ચડી જાય એટલે ભૂવાઓ વચ્ચે પણ ભેદ ઊભા કરી દેવાયા. ડાકણ કે ભૂત વળગ્યું છે એવી માન્યતા સાથે કોઈને ભુવા કે બીજા જે પણ સરકાર દ્વારા સર્ટિફાઈડ શ્રધ્ધાના ઠેકેદારો છે તેમની પાસે જઈએ તેને અંધશ્રદ્ધા ના કહેવાય. ભલા માણસ, ડાકણ કે ભૂત વળગ્યું હોવાની માન્યતા જ સૌથી મોટી અંધશ્રદ્ધા છે ત્યારે તેને રોકવાના બદલે તેના માટે વિધી કરાવવાની મંજૂરી અપાઈ રહી છે. આ કાયદાથી કાળા જાદુ કરતા ઢોંગીઓ વિરૂદ્ધ કાર્યવાહી થશે અને આવી પ્રવૃત્તિઓ દ્વારા છેતરાતી ગુજરાતની ભોળી જનતાની સુરક્ષા માટે નક્કર કદમ સાબિત થશે. સવાલ એ છે કે, ભૂત કે ડાકણ વળગ્યાં હોય તેને જ તમારી સરકાર અંધશ્રદ્ધા માનતી નથી તો પછી ભોળી જનતાની સુરક્ષા કઈ રીતે થશે? ભૂત, ડાકણ વગેરેની પ્રથા આદિવાસી સમાજમાં વ્યાપક છે ને તેને છેડવા જાય તો મત ગુમાવવા પડે એટલે સૌથી મોટી અંધશ્રદ્ધાને જ શ્રદ્ધા તરીકે માન્યતા આપી દેવાઈ છે. આ કાયદામાં બીજી ઘણી બાબતોનો સમાવેશ ગુનાઈત કૃત્યમાં નથી કરાયો. આ અંગેની સ્પષ્ટતા કલમ-૧૨મા કરવામાં આવી છે. પ્રદક્ષિણા, યાત્રા, પરિક્રમા, ઉપાસના, હરિપથ, કીર્તન, પ્રવચન, ભજન, પ્રાચીન અને પરંપરાગત વિદ્યાઓ અને કળાઓનો ઉપદેશ, તેનો અભ્યાસ, પ્રચાર, પ્રસાર વગેરે ગુનાઈત કૃત્ય નહીં ગણાયએ બરાબર છે. એ જ રીતે તમામ ધાર્મિક ઉજવણીઓ, તહેવારો, પ્રાર્થનાઓ, સરઘસ અને તેને લગતા અન્ય કોઈ પણ કાર્યો, મન્નત, નવાસ, મોહરમ શોભાયાત્રા અને અન્ય તમામ ધાર્મિક વિધિઓ કરવી, ધાર્મિક વિધિઓ અનુસાર બાળકોના કાન અને નાક વીંધવા, કેશલોચન જેવી ધાર્મિક વિધિ કરવી તેમજ વાસ્તુશાસ્ત્ર અને ભૂગર્ભજળના સ્ત્રોતને લગતી સલાહ, જ્યોતિષીની સલાહ આપવી વગેરે પ્રવૃત્તિ ગુનો ગણાશે નહીં.

**આકાંક્ષા-મહત્વાકાંક્ષા નામે આજકાલ લોકો સ્ટ્રેસ એટલે કે માનસિક તનાવનો શિકાર બની રહ્યાં છે, અને મનોરોગીની સંખ્યા વધી જાય છે**

# ભગવાનની જેમ ભક્તનો પણ અવતાર હોય છે, અને એની પણ લીલા અપરંપાર હોય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આખા સ્તોત્રમાં ભગવાન શંકરના ગુણ અને રૂપની વાત છે, કે હે શંકર તમે આવા છો, આવા છો, માટે હું તમને ભજું છું. પરંતુ અંતમાં જે કહ્યું છે, તેમાં એવું સ્પષ્ટ કહ્યું છે કે આ સ્તોત્ર ગાન કરનાર શંકર પણાને પ્રાપ્ત કરશે, એટલે કે શંકરનો અંશ બનશે, શંકરનો અશં બનવું એટલે કે નાગર બનવું, ઝેર પીવા છતાં જે ઝેરી નથી, એવા લોકો, જે લોકો સમાજની કે પરિવારની, સમસ્યાઓ રૂપી વીષ પી લીધા છતાં પણ જે પ્રસન્ન રહે તે નાગર.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે હમણાં નાગરોનુ સ્તોત્ર એટલે હાટકેશ્વર સ્તોત્ર પર ચિંતન કરી રહ્યા છીએ. નાગર એટલે શહેરી અને શિક્ષિત એવો પણ એક અર્થ કરી શકાય. જોકે શિક્ષિતનાં અભિમાનને કારણે જ ક્યાંક ઉલ્ટા પાસાં પડી રહ્યા છે, અને એ રીતે સાંપ્રત સમય થોડો વધુ કઠિન છે. દરેકને કોઈને કોઈ રૂપે સમસ્યા છે, ત્યારે સમસ્યા રાજકીય હોય સામાજિક હોય, સાંસારિક હોય કે વ્યક્તિગત હોય પણ જે વ્યક્તિ જાગી ગયો હોય, એને બહુ તકલીફ પડતી નથી. દુનિયામાં ઘટતી રોજબરોજની ઘટનાઓ જોઈને, વાંચીને એવું હવે લાગી રહ્યું છે, કે જાગવું જ પડશે, હવે તો સર્વે જાગવું પડશે! અને જાગૃતિ એ હંમેશા જીવનમાં પરિવર્તન લાવનાર હોય છે. દેશ કાળ પ્રમાણે ઘણી બધી વસ્તુઓમાં પરિવર્તન શક્ય પણ છે, અને રોજ રોજ થતું જોવા પણ મળે છે. ક્યારેક સારી દિશામાં એટલે ઉર્ધ્વ ગતિ તો ક્યારેક ફેશનને નામે પતન એટલે અધો ગતિ કરાવે છે. યોગનો પ્રચાર વિશ્વમાં ખૂબ જ પ્રચલિત છે, અને એના સારા પરિણામ પણ મળી રહ્યા છે, અને લોકો શારીરિક તંદુરસ્તી પ્રમાણમાં ઘણી પ્રાપ્ત કરી રહ્યા છે. પરંતુ આકાંક્ષા અને મહત્વાકાંક્ષા નામે આજકાલ લોકો સ્ટ્રેસ એટલે કે માનસિક તનાવનો શિકાર બની રહ્યાં છે, અને મનોરોગીની સંખ્યા વધતી જાય છે, તો આ ક્ષેત્રે જાગૃતિ જરૂરી છે, અને આત્મચિંતન પણ કરવું ઘટે. રોજની પોતાની દિનચર્યા ઉપર એક વાર નજર નાખવી, અને સારા ખરાબ વ્યવાર પ્રત્યે સુધારો લાવવા, લખવા માટે ડાયરી બનાવવી. એવો કંઈક ફેરફાર કરી શકાય. તો બુદ્ધ પુરુષો અને સિદ્ધ પુરુષો જેવા સમાજના ઉચ્ચ ચરિત્રોના કહેવા પ્રમાણે ભગવત ચરિત્રનું ગાન કરવું, સ્વાધ્યાય કરવો, કે કોઈ સારા લેખક વગેરેનું વાંચન કરવું, જેનાથી માનસિક શાંતિમાં ઘણો વધારો થઈ શકે. આપણે અત્યારે જે હાટકેશ્વર સ્તોત્રનો અભ્યાસ કરી રહ્યા છીએ, તો સૌને જગાડનાર પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા, પણ એક નાગર ગૃહસ્થ હતાં.

**હાટકેશ્વર સ્તોત્ર.**

**મહેશ પાહિ માં મુદા ગિરીશ પાહિમાં સદા,**
**ભવાર્ણવે નિમજ્જતો ત્વમેવ મેડસિ તારકઃ**
**કરાવલમ્બનં ઝાટિત્યહોધુના પ્રદીયતાં,**
**નમામિ નાટકેશ્વરં ભજામિ હાટકેશ્વરં. (૭)**

હે શાંકર , મારું પ્રેમથી રક્ષણ કરો. હે શંકર , મારુ હંમેશા રક્ષણ કરો . સંસારરૂપી સાગરમાં ડૂબતા એવા મારી નાવ ને આપ જ બચાવનાર છો . હમણાં આવી તરત જ આપના હાથનો ટેકો આપો,હે નાટકેશ્વર - નૃત્યના સ્વામી શંકરને હું નમું છું તથા હાટકેશ્વર - સોનાના સ્વામીને હું ભજું છું.



**સુરાસુરેશ્વરં રમાપતિશ્વરં મહેશ્વરં,**
**ધરાધરેશ્વરેશ્વરં શિવં નિધીશ્વરેશ્વરં,**
**પ્રચંડચંડીકેશ્વરં વિનીતનન્દિકેશ્વરં,**
**નમામિ નાટકેશ્વરં ભજામિ હાટકેશ્વરં. (૮)**


હું પર્વતના સ્વામી હિમાલયના પણ અધિપતિ, કુબેરના ઈશ્વર, દેવો અને દાનવોના ઈશ્વર, વિષ્ણુના અધિપતિ મહેશ્વર , ઘણી મહાન એવી ચંડિકાના સ્વામી, નમ્ર નંદિના અધિપતિ એવા નાટકેશ્વર નૃત્યના સ્વામીને નમન કરું છું, અને હાટકેશ્વર - સોનાના સ્વામી શંકરને હું ભજું છું .

**હાટકેશસ્ય ભકત્યા યો હાટકેશાષ્ટકં પઠેત્,**
**હાટકેશપ્રસાદેન હાટકેશત્વમાન્પુયાત્.**

જે માણસ શંકરની ભક્તિવડે હાટકેશાષ્ટકમનું પઠન કરશે તે શંકરની કૃપા વડે શંકરનો અંશ (શંકર પણું) મેળવશે. આખા સ્તોત્રમાં ભગવાન શંકરના ગુણ અને રૂપની વાત છે, કે હે શંકર તમે આવા છો, આવા છો, માટે હું તમને ભજું છું. પરંતુ અંતમાં જે કહ્યું છે, તેમાં એવું સ્પષ્ટ કહ્યું છે કે આ સ્તોત્ર ગાન કરનાર શંકરપણા ને પ્રાપ્ત કરશે, એટલે કે શંકરનો અંશ બનશે. શંકરનો અશં બનવું એટલે કે નાગર બનવું, ઝેર પીવા છતાં જે ઝેરી નથી, એવા લોકો. જે લોકો સમાજની કે પરિવારની, સમસ્યાઓ રૂપી વીષ પી લીધા છતાં પણ જે પ્રસન્ન રહે તે નાગર. આપણે ગઈકાલે જોયું તેમ વિવિધ કલાઓમાં પ્રવીણતા એ નાગરનું આગવું લક્ષણ છે જે ૬ પ્રકારના'' ભગ'' ની ભાગવતમાં વાત આવે છે, એ છએ પ્રકારના ''ભગ''નું વરદાન નાગર ને છે. મુખ્યત્વે નાગરના ઘરમાં ઈષ્ટદેવ હાટકેશ્વર અને મા અંબાની પૂજા, ભક્તિ, આરાધના વગેરે રહ્યા. ઈતિહાસ સાક્ષી છે કે ગ્રીસથી આવેલા આ નાગરો ભારતમાં ઘણી બધી જગ્યાએ વસ્યા છે. પરંતુ ગુજરાતનો એ જમાનામાં વિકાસ એટલે કે નગરની બાંધણીથી લઈને, સામાજિક ઉન્નતીની વાત હોય તો તેની પાછળનું કારણ ક્યાંક કોઈ ને કોઈ નાગર રહ્યો છે. આમ તો હાટકેશ્વરને ભજીને ઘણા નાગરોએ શિવત્વને આત્મસાત કર્યું છે, પણ ગોપનાથમાં શિવની ઉપાસના બાદ જ નરસિંહને મહારાસના દર્શન કર્યા હતાં! નાગરની વાત થતી હોય અને આપણે નરસિંહને યાદ ન કરીએ તો અપરાધ કહેવાય. એક બાજુથી નાગર કુળમાં જન્મ મળ્યો તેનો ખૂબ જ ગર્વ છે, તો બીજી બાજુ આ નાગરો એ જ નરસિંહ મહેતા જેવા ભોળા ભગતને સતાવ્યા, તેનો અત્યંત ખેદ પણ છે. પરંતુ ચતુર બુદ્ધિ તરત સમાધાન પણ શોધે છે, કે જો નાગરોએ નરસિંહને સતાવ્યા ન હોત, તો સમાજને તેનું આટલું શુદ્ધ ચરિત્ર અને આવા સુંદર કાવ્યો, અને પદ પણ ન મળ્યા હોત! માત્ર ભગવાન જ અવતાર લીલા નથી કરતા પણ ભક્તની પણ અવતાર લીલા હોય છે, પરંતુ જે છે તેને સ્વીકાર્યા વગર છૂટકો નથી. જાગને જાદવાથી શરૂ કરીને, જે ગમે જગત ગુરુ દેવ જગદીશને, અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, ધ્યાન ધર, ધ્યાન ધર, પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર, ભૂતળ ભક્તિ પદારથ મોટું, આજની ઘડી તે રળિયામણી, વૈષ્ણવજન તો તેને રે કહીએ, આ બધા ભક્તિ વૈરાગ્યના પદની રચના કરી. તો નરસિંહ મહેતા એ શૃંગાર રસ કવિ પણ છે, અને તેમણે વ્રજ વનિતાના ભાવમાં પણ અસંખ્ય ઊર્મિ કાવ્યની રચનાઓ કરી છે. પોતે વ્રજ વનિતા બની અને કૃષ્ણ સંગે રસ ક્રીડા કરતા હોય, તેવી પુષ્કળ રચનાઓ આપણને મળે છે. આમ નરસિંહ મહેતાને કારણે સામાન્ય લોકોના મુખમાં પણ વેદ વેદાંત રમતો થયો. તેમણે જે વૈષ્ણવ ના ૧૧ લક્ષણો વર્ણવ્યા છે, તે જેનામાં હોય તે નાગર. તેમણે સમાજમાંથી અછૂતની પ્રથા દૂર કરી, તેઓ હરિજનવાસમાં પણ ભજન કરવા જતા, આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીને પણ વૈષ્ણવ જન ખુબ જ ગમતો અને તે તેમની નિત્ય પ્રાર્થનામાં સામેલ હતું, વિશ્વનો એક પણ એવો ખૂણો નહીં હોય જ્યાં આજે લોકો નરસિંહ મહેતાને ઓળખતા નહીં હોય. ભીડ પડે ત્યારે ભક્ત ભગવાનને પોકારે, અને તે આવી તેના કાર્ય કરી જાય એવું, નરસિંહ મહેતાના ચરિત્ર પરથી આપણે સાક્ષાત જોઈ, અને અનુભવી શકીએ છીએ. તેમની ભક્તિની પરાકાષ્ઠા પણ ખૂબ જ ઊંચી હતી, પુત્ર અને પત્નીનું દેહાંત થયું, ત્યારે ''ભલું થયું ભાંગી જંજાળ'' એવું તો નરસિંહ જ ગાઈ શકે. આપણે તો રોદણા રોવા વાળા આપણાથી આવી ભક્તિ કેમ થાય. તો આપણે એ પરમ વૈષ્ણવ નાગરનાં ચરણોમાં કોટી કોટી વંદન કરી શકીએ. નરસૈંયો એ મારું પ્રિય પાત્ર છે, રુવાડે રુવાડે જાગૃતિનો અલખ જગાડનાર એ નરસૈયાની ચેતના જીવ સાથે આત્મસાત થઈ ગઈ છે. એનું એક કારણ ગિરનાર છે, જ્યાં ગિરિ તળેટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી નહાવા જાય રે..ગિરનારમા આજે પણ એ અનુભૂતિ થાય છે. તો મૂળભૂત નાગરના દરેક લક્ષણો સમાજનો દરેકે દરેક વ્યક્તિ કેળવે, અને એ રીતે હાટકેશ્વરને ભજીને હાટકનાથ જેવું તેજ અને ક્રાંતિ ભર્યું જીવન પામીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે,તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ અને જય હાટકેશ.

**શ્રાવણ માસમાં શિવમહિમા -૧૮ મલ્લિકાર્જુનનો અર્થ એવો થાય છે કે મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે ભગવાન શિવ**

# ઉજ્જૈનમાં સ્થિત મહાકાળેશ્વર જ્યોતિર્લિંગનું મહાત્મ્ય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્યારે આ સૃષ્ટિનો નાશ થશે, ત્યારે બધા જીવોની આત્માઓ પણ શિવજીમાં જ સમાહિત થઈ જશે જ્યારે આ સૃષ્ટિનો નાશ થશે, ત્યારે બધા જીવોની આત્માઓ પણ શિવજીમાં જ સમાહિત થઈ જશે મહા શિવપુરાણ પ્રમાણે ભસ્મને તૈયાર કરવા માટે કપિલા ગાયના છાણા, પીપળો, વડ, ગરમાળો અને બોરના વૃક્ષની લાકડીઓને એક સાથે અગ્નિ આપવામાં આવે છે.**

શ્રાવણ માસમાં શિવ મહિમા ગુણ ગાન વર્ણવી રહ્યા છીએ.જેમાં જ્યાંથી વાંચવા સાંભળવા મળેલ મહિમા અહીં રજુ કરી શિવભક્તો સુધી પહોંચાડવા પ્રયત્ન કરીએ છીએ. શ્રાવણ મહિનામાં શિવજીના બાર જ્યોતિર્લિંગના દર્શન કરવાનું તેનું મહાત્મ્ય વાંચવા સાંભળવા સંભળવવાનું વિશેષ મહત્ત્વ છે. બધા જ્યોતિર્લિંગની અલગ-અલગ ખાસ વિશેષતાઓ છે. આજે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૯ મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં સ્થિત મહાકાળેશ્વર જ્યોતિર્લિંગની ખાસિયત ત્યાંની ભસ્મ આરતી શું છે. તે વિશે જાણવા સમજવા પ્રયત્ન કરીએ મહાકાળેશ્વર જ્યોતિર્લિંગ ઉપર રોજ સવારે શિવજીની આરતી ભસ્મથી કરવામાં આવે છે. ભસ્મથી જ શિવલિંગનો શ્રૃંગાર કરવામાં આવે છે. જાણવા વાંચવા મળેલ હકીકત મુજબ શિવજીને ભસ્મ ખૂબ જ પ્રિય છે. મહાદેવ શ્રૃંગાર સ્વરૂપમાં ભસ્મ અને નાગ ધારણ કરે છે. મહાકાળેશ્વર મંદિરમાં ભસ્મ આરતીની પરંપરા ખૂબ જ પ્રાચીન સમયથી ચાલી રહી છે. આ અંગે વિવિધ માન્યતાઓ પ્રચલિત છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, આ ત્રણેય દેવતા સૃષ્ટિનું સંચાલન કરે છે. સૃષ્ટિ સંચાલનમાં ત્રણેય દેવતાઓ ની જવાબદારી અલગ-અલગ છે. બ્રહ્માજી સૃષ્ટિની રચના કરે છે, વિષ્ણુજી પાલન કરે છે અને શિવજી સંહાર કરે છે. જ્યારે સૃષ્ટિનો સંહાર થશે ત્યારે બધું જ ભસ્મ થઈ જશે એટલે સૃષ્ટિ રાખમાં બદલાઈ જશે. ભસ્મ શિવજીને ચઢાવવાનો અર્થ એ છે કે સૃષ્ટિ પૂર્ણ થયા પછી બધું જ શિવજીમાં વિલીન થઈ જશે. સૃષ્ટિના નષ્ટ થયા પછી બ્રહ્માજી ફરીથી સૃષ્ટિની રચના કરે છે. આ ક્રમ ચાલતો જ રહે છે. શિવજી ભસ્મ ધારણ કરીને સંદેશ આપે છે કે જ્યારે આ સૃષ્ટિનો નાશ થશે, ત્યારે બધા જીવોની આત્માઓ પણ શિવજીમાં જ સમાહિત થઈ જશે.



જ્યારે આ સૃષ્ટિનો નાશ થશે, ત્યારે બધા જીવોની આત્માઓ પણ શિવજીમાં જ સમાહિત થઈ જશે જ્યારે આ સૃષ્ટિનો નાશ થશે, ત્યારે બધા જીવોની આત્માઓ પણ શિવજીમાં જ સમાહિત થઈ જશે મહા શિવપુરાણ પ્રમાણે ભસ્મને તૈયાર કરવા માટે કપિલા ગાયના છાણા, પીપળો, વડ, ગરમાળો અને બોરના વૃક્ષની લાકડીઓને એક સાથે અગ્નિ આપવામાં આવે છે. મંત્રોચ્ચાર કરવામાં આવે છે. આ વસ્તુઓથી જે ભસ્મ તૈયાર થાય છે તેને કપડાંથી ચાળવામાં આવે છે. આ પ્રકારે તૈયાર કરેલી ભસ્મ શિવલિંગ પર અર્પિત કરવામાં આવે છે. મહાકાલેશ્વર મંદિર, ભારતના બાર જ્યોતિ લિંગોમાંનું એક છે.તે ભગવાન મહાકાલેશ્વરનું મુખ્ય મંદિર છે, જે મધ્ય પ્રદેશ રાજ્યના ઉજ્જૈન શહેરમાં આવેલું છે. આ મંદિરનું સુંદર વર્ણન પુરાણો, મહા ભારત અને કાલિદાસ જેવા મહાન કવિ ઓની રચનાઓમાં જોવા મળે છે. સ્વયં નિર્મિત, ભવ્ય અને દક્ષિણ મુખી હોવાને કારણે મહાકાલેશ્વર મહાદેવનું અત્યંત પુણ્યપૂર્ણ મહત્વ છે. એવું માનવામાં આવે છે કે તેના દર્શન કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.મહાન કવિ કાલિ દાસે મેઘદૂતમાં ઉજ્જૈનીની ચર્ચા કરતી વખતે આ મંદિરની પ્રશંસા કરી છે. ૧૨૩૪-૩૫માં ઉજ્જૈન પરના હુમલા દરમિયાન ઈલ્તુત્મિશ દ્વારા મંદિર સંકુલનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યોતિર્લિંગને તોડી પાડવામાં આવ્યું હતું અને આક્રમણ દરમિયાન ચોરાયેલી જલધારી લિંગમને ટેકો આપતું માળખું સાથે નજીકના 'કોટીતીર્થ કુંડા' મંદિરની પડોશમાં આવેલ તળાવમાં ફેંકવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. હાલનું માળખું મરાઠા સેનાપતિ રાણોજી શિંદે દ્વારા ૧૭૩૪સીઈમાં બાંધવામાં આવ્યું હતું જ્યારે બાજી રાવે તેમને માલવા પ્રદેશમાં કર વસૂલવા માટે નિયુક્ત કર્યાહતા આગળનો વિકાસ અને સંચાલન શિંદે વંશના અન્ય સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મહાદજી શિંદે ફેબ્રુઆરી ૧૭૯૪) અને દૌલત રાવ શિંદેની પત્ની બાઈઝા બાઈનો સમાવેશ થાય છે. (૧૮૨૭-૧૮૬૩). જયાજીરાવ શિંદેના શાસન દરમિયાન (૧૮૮૬ સુધી), તત્કાલીન ગ્વાલિયર રાજ્ય ના મુખ્ય કાર્યક્રમો આ મંદિરમાં યોજાતા હતા. ૧૮મી સદીના ચોથા દાયકામાં ઉજ્જૈનમાં મરાઠા સામ્રાજ્યની સ્થાપના થઈ હતી. ઉજ્જૈનનો વહીવટ પેશ્વા બાજીરાવ-એલ દ્વારા તેમના વફાદાર સેનાપતિ રાણોજી શિંદેને સોંપ વામાં આવ્યો હતો, રાણોજીનો દિવાન હતો. સુખતાનાકર રામચંદ્ર બાબા શેનાવી જેઓ ખૂબ જ ધનવાન હતા તેમણે તેમની સંપત્તિ ધાર્મિક હેતુઓ માટે રોકાણ કરવાનું નક્કી કર્યું. આ સંબંધમાં, તેમણે ૧૮મી સદીના ચોથા અને પાંચમા દાયકા દરમિયાન મહાકાલેશ્વર મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. પછી, અહીં રહેતા તમામ શાસકો એ આ મંદિરના જીર્ણોદ્ધાર અને સુંદરતા પર વિશેષ ધ્યાન આપ્યું હતું, તેથી જ મંદિર તેના વર્તમાન સ્વરૂપને પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું છે. આ મંદિરને દર વર્ષે અને સિંહ સ્થ પહેલા શણગારવામાં આવે છે. ઈતિહાસ દર્શાવે છે કે ઉજ્જૈન પર ૧૧૦૭થી ૧૭૨૮ એડી સુધી યવનોનું શાસન હતું. તેમના શાસન દરમિયાન,અવંતિમાં ૪૫૦૦ વર્ષથી સ્થાપિત હિંદુઓની પ્રાચીનધાર્મિક પરંપરાઓ લગભગ નાશ પામી હતી.પરંતુ ૧૬૯૦ એડીમાં, મરાઠા ઓએ માલવા પ્રદેશ પર હુમલો કર્યો અને ૨૯ નવેમ્બર ૧૭૨૮ના રોજ, મરાઠા શાસકોએ માલવા ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. આ પછી ઉજ્જૈનનું ખોવાયેલું ગૌરવ પાછું આવ્યું અને ૧૭૩૧ થી ૧૮૦૯ સુધી આ શહેર માલવાની રાજધાની રહ્યું. મરાઠા ઓના શાસન દરમિયાન અહીં બે મહત્વ પૂર્ણ ઘટનાઓ બની હતી. પ્રથમ મહાકાલેશ્વર મંદિરનું પુન નિર્માણ અને જ્યોતિર્લિંગની પુનઃ સ્થાપના અને સિંહસ્થ ઉત્સવ સ્નાનની સ્થાપના, જે એક મોટી સિદ્ધિ હતી. બાદમાં રાજા ભોજે આ મંદિરનો વિસ્તાર કર્યો. આવ્યું. શ્રાવણ માસના ઓગણીસ દિવસ આજે પુરા થશે આજે ત્રીજા જ્યોર્તિલંગનો મહીમા જાણવાનો પ્રયત્ન કર્યો. સાતમ આઠમના તહેવારોની શરૂઆત બોળચોથથી થઈ નાગપંચમી, રાંધણ છઠ્ઠ શિતળા સાતમ અને જન્માષ્ટમી. આ સાતમી તહેવારો જુગારાષ્ટમી બની ગયા છે. ખાખીએ આ દિવસો માં મોજે દરિયો કરે સીઝન શરૂ થઈ કહેવાયને ધર્મ એ જીવન જીવવાની કળા છે તે સમજવું જોઈએ.. બાકી તો પ્રતિબંધ તો વધુ કમાણી કરવાનું બહાનું હોય છે.. જુગાર હોય કે મદિરા.. બિન વારસી કરોડો રૂપિયાના કેફી દ્રવ્યો દરિયામાંથી ઉછળી ઉછળીને બહાર આવી રહયા છે. ધન્યવાદ. સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# મહારાષ્ટ્ર સરકારે આશા પારેખને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો

## ૮૫ થી વધુ ફિલ્મો કરનાર આશાને ૧૯૯૨માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર પણ એનાયત



પીઢ અભિનેત્રી આશા પારેખ તેમના સમય દરમિયાન હિન્દી ફિલ્મોની ટોચની અભિનેત્રીઓ માંની એક રહી છે. 'કટી પતંગ', 'તીસરી મંઝિલ' અને 'ઉપકાર' જેવી ઘણી યાદગાર ફિલ્મો કરનાર આશા પારેખની અદ્ભુત સિદ્ધિઓની યાદીમાં વધુ એક મોટું સન્માન નોંધાયું છે. બુધવારે મહારાષ્ટ્ર સરકારે આશા પારેખને રાજ કપૂર લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. આશાને અગાઉ ૨૦૨૦માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ પણ મળ્યો હતો. ચાર દાયકામાં ૮૫ થી વધુ ફિલ્મો કરનાર આશાને ૧૯૯૨માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. ૮૧ વર્ષીય આશા પારેખે બુધવારે વર્લીના NSCI ડોમ ખાતે આયોજિત એવોર્ડ ફંક્શનમાં એવોર્ડ મેળવ્યા બાદ 'જય મહારાષ્ટ્ર' કહ્યું હતું. આશા પારેખે ૧૯૫૨માં બાળ કલાકાર તરીકે ફિલ્મમાં પ્રવેશ કર્યો હતો. ૧૬ વર્ષની ઉંમરે, તેણે ફિલ્મ 'ગૂંજ ઊઠી શહનાઈ' (૧૯૫૯) માં મુખ્ય નાયિકા તરીકે તેની કારકિર્દીની શરૂઆત કરી. હિન્દીમાં ઘણી યાદગાર ફિલ્મો કરી ચૂકેલી આશાએ કારકિર્દીની ટોચ પર ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. તેણે કન્નડ અને પંજાબી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. ધર્મેન્દ્ર સાથેની તેની પંજાબી ફિલ્મ 'કંકણ દે ઓહલે' (૧૯૭૧) ઘણી લોકપ્રિય બની હતી.જાણીતી પ્લેબેક સિંગર અને ભજન ગાયિકા અનુરાધા પૌડવાલનું પણ મહારાષ્ટ્ર સરકાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમને ગાનસામરાગીની લતા મંગેશકર એવોર્ડ આપ્યો. મહારાષ્ટ્ર સરકારમાં સાંસ્કૃતિક બાબતોના મંત્રી સુધીર મુનગંટીવારે કલાકારોને આ પુરસ્કારો આપ્યા હતા.એવોર્ડ મેળવ્યા બાદ સિંગર અનુરાધા પૌડવાલે કહ્યું, 'હું કહી શકતો નથી કે લતા મંગેશકર જી, જેમને હું મારા ગુરુ માનું છું તેમના નામે શરૂ થયેલો એવોર્ડ મેળવવો મારા માટે કેટલો મહત્વપૂર્ણ છે.' પ્રખ્યાત અભિનેતા શિવાજી સાટમને પણ ખૂબ જ લોકપ્રિય ટીવી શો 'CID'માં ACP પ્રદ્યુમનનું પાત્ર ભજવવા બદલ એવોર્ડ મળ્યો હતો. મહારાષ્ટ્ર સરકારે તેમને ચિત્રપતિ વી શાંતારામ લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કર્યા. અનુરાધા પૌડવાલ અને શિવાજી સાટમ સાથે 'તેઝાબ' અને 'અંકુશ' જેવી ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર એન. ચંદ્રાને એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. તેમને રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે દિગ્દર્શક દિગપાલ લાંજેકરને ચિત્રપતિ વી.શાંતારામ સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડ મળ્યો હતો.

### કલ્કિ એક સાથે બે ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થશે

# લોંગ વીકેન્ડ-તહેવારોનો લાભ લેવા 'કલ્કિ'ની ઓટીટી રિલીઝ પોસ્ટપોન

## નાગ અશ્વિનની આ ફિલ્મની ૧૫ ઓગસ્ટથી મેકર્સે ૨૨ ઓગસ્ટ નક્કી કરી




સ્વાતંત્ય દિનથી લઈને રક્ષાબંધન સુધીના લોંગ વિકેન્ડ અને તહેવારોનો માહોલ છતાં બે તેલુગુ ફિલ્મો 'ડબલ ઈસ્માર્ટ' અને 'મિસ્ટર બચ્ચન' ખાસ કશું ઉકાળી શકી નહોતી. તેથી લગભગ ૬૦ જેટલાં થિએટર્સમાં 'કલ્કિ' ફરી રિલીઝ કરવામાં આવી છે. તેનાથી ફરી ડિસ્ટ્રીબ્યુટર્સ અને ફિલ્મ મેકર્સને થોડી કમાણી પણ થઈ છે. સામે 'મિસ્ટર બચ્ચન' અને 'ડબલ ઈસ્માર્ટ'ની સ્થિતિ પહેલાં કરતાં પણ કફોડી થઈ હતી. એક ડિસ્ટ્રીબ્યુશન સાથે સંકલાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર, "કલ્કિના માથાદીઠ ૧૦૦ રૂપિયા પણ ટિકિટ હોય તો પણ દર્શકોએ ઘણા શહેરો અને નાના ગામોમાં મોટી સંખ્યામાં જઈને આ સાઈ-ફાઈ થ્રિલરની મજા માણી હતી અને ઘણા સિંગલ સ્ક્રીન થિએટર્સમાં મોટી સંખ્યામાં લોકોએ આ ફિલ્મ જોઈ છે." નાગ અશ્વિનની આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે ઓટીટી પર રિલીઝ કરી દેવાની હતી. પરંતુ ફિલ્મ મેકર્સે ૨૨ ઓગસ્ટ નક્કી કરી, કારણ કે દર્શકો હજુ પણ થિએટરમાં આ ફિલ્મ જોવા આવતા હતા. સૂત્રના જણાવ્યા અનુસાર,"ડિસ્ટ્રીબ્યુટર્સ થોડાં વધુ પૈસા કમાઈ શકે તે માટે ડિજીટલ પ્રીમિઅર થોડું પોસ્ટપોન કરવામાં આવ્યું. નહીંતર આ લોંગદ વીકેન્ડ અને તહેવારો ડિસ્ટ્રીબ્યુટર્સ માટે નીરસ રહી ગયા હોત." નવી ફિલ્મો ચાલી નથી રહી તેથી તેલુગુ ડિસ્ટ્રિબ્યુટર્સ તહેવારોની મોસમમાં મહેશ બાબુની 'મુરારી' અને મેગાસ્ટાર ચિરંજીવીની 'ઈન્દ્રા' ૨૨ ઓગસ્ટે ફરી રિલીઝ થાય તેની રાહ જોઈ રહ્યા છે. સૂત્રએ જણાવ્યું કે,"સુપરસ્ટાર્સની ફિલ્મો રિલીઝ કરીને અમે થોડી આવક ઊભી કરી શકીએ છીએ બાકી તો આંધ્રપ્રદેશ અને તેલંગણાના ડિસ્ટ્રીબ્યુટર્સ અને એક્ઝિબીટર્સ માટે ટકવું જ મુશ્કેલ થઈ ગયું હોત." કલ્કિએ થિએટર્સ અને મલ્ટીપ્લેક્સમાંથી તો છેક છેલ્લે સુધી રડી લીધું હવે ઓટીટી રિલીઝમાં પણ ડબલ કમાણી કરવાની તૈયારી કરી લીધી છે. સામાન્ય રીતે મોટી ફિલ્મો કોઈ એક ઓટીટી પ્લેટફોર્મ પર એક્સક્યુઝિવલી રિલીઝ થતી હોય છે, તેના બદલે 'કલ્કિ' એમેઝોન પ્રાઈમ વીડિયો અને નેટફિલક્સ એ બંને મોટા પ્લેટફોર્મ પર એક સાથે ૨૨ ઓગસ્ટે રિલીઝ થશે.

### પ્રિયંકાએ એક્ટિંગની સાથે પ્રોડક્શનમાં પણ ઝંપલાવેલું છે

# ફિલ્મ 'પાણી' ઓક્ટોબરમાં રિલીઝ થશે

## સ્થાનિક કથાઓ-સ્થાનિક ટેલેન્ટને તક આપવાના નિર્ધારનો પુનરોચ્ચાર કર્યો હતો



પ્રિયંકા ચોપરાએ એક્ટિંગની સાથે પ્રોડક્શનમાં પણ ઝંપલાવેલું છે. પ્રિયંકાના પરપલ પેબલ પિક્ચર્સ અને રાજશ્રી એન્ટરટેઈનમેન્ટે મરાઠી ફિલ્મ 'પાણી' બનાવી છે. ૧૮ ઓક્ટોબરે આ ફિલ્મ રિલીઝ કરવાની જાહેરાત સાથે પ્રિયંકાએ તેનું ટીઝર શેર કર્યુ હતું.પ્રિયંકાએ પોતાની પોસ્ટમાં આ ફિલ્મને ખૂબ સ્પેશિયલ ગણાવી હતી. વર્તમાન સમની મહત્ત્વની સમસ્યાને દૂર કરવા માટે હાથ ધરાયેલા પ્રોજેક્ટનેતેમાં દર્શાવાયો છે. પોતાની આસપાસના લોકોના જીવન બદલવા માટે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ પર લેનારા એક માણસની તેમાં કથા છે. પોતાના પ્રોડક્શન હાઉસમાં ભારતની સ્થાનિક કથાઓ અને સ્થાનિક ટેલેન્ટને તક આપવાના નિર્ધારનો પ્રિયંકાએ પુનરોચ્ચાર કર્યો હતો. રાજશ્રી એન્ટરટેઈનમેન્ટ દ્વારા પહેલી વખત મરાઠી ફિલ્મનું પ્રોડક્શન કરાયું છે. પ્રિયંકા ચોપરા જોનાસના પરપલ પેબલ પિક્ચર્સે આ સાથે રિજનલ સિનેમામાં




પોતાની હાજરી વધારી છે. પ્રિયંકાએ અગાઉ વેન્ટિલેટર (૨૦૧૬), સરવન (૨૦૧૭), ધ સ્કાય ઈઝપિન્ક (૨૦૧૯) અને ધ વ્હાઈટ ટાઈગર (૨૦૨૧) પ્રોડ્યુસ કરી હતી. પ્રિયંકાની આ મરાઠી ફિલ્મની કાસ્ટમાં આદિનાથ કોઠારે, રુચા વૈદ્ય, સુબોધ ભાવે, રજિત કપુર, કિશોર કદમ, નીતિન દિક્ષિત, સચિન ગોસ્વામી, મોહનાબાઈ, શ્રીપાદ જોષી અને વિકાસ પાંડુરંગ પાટિલ મહત્ત્વના રોલમાં છે.

# વિશાલ ભારદ્વાજની પહેલી જ એક્શન ફિલ્મ, શાહિદ કપૂરનો લીડ રોલ પાકો


## સપ્ટેમ્બરથી શૂટિંગ, એક્શન સીન્સ માટે છ સેટ બનાવવામાં આવશે

વિશાલ ભારદ્વાજ અને શાહિદ કપૂરની જોડીએ સફળ ફિલ્મો આપેલી છે. ૨૦૦૯માં 'કમીને' અને ૨૦૧૪માં 'હૈદર' બાદ તેમણે સાથે કામ કર્યુ નથી. 'હૈદર'ને કમર્શિયલ સકસેસ ઉપરાંત બેસ્ટ મ્યૂઝિક, બેસ્ટ ડાયલોગ, બેસ્ટ કોશ્ચ્યુમ ડિઝાઈન, બેસ્ટ પ્લેક બેક સિંગર, બેસ્ટ કોરિયોગ્રાફી જેવી કેટેગરીમાં નેશનલ એવોર્ડ્સ પણ મળ્યા હતા. શાહિદ અને વિશાલની આ જોડીને એક દાયકા બાદ ફરી સાથે લાવવામાં પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાને સફળતા મળી છે. ડાયરેક્ટર-એક્ટરની મદદથી એક્શન-થ્રિલર ફિલ્મ બનાવવાનો સાજિદનો પ્લાન છે. વિશાલ ભારદ્વાજે ઈમોશનલ અને મ્યૂઝિકલ ફિલ્મો બનાવેલી છે, પરંતુ પહેલી વાર તેઓ એક્શન થ્રિલર પર હાથ અજમાવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાજિદ નડિયાદવાલા અને વિશાલ ભારદ્વાજે ફિલ્મમાં લીડ રોલ માટે શાહિદને સાઈન કરી લીધા છે. વિશાલની પહેલી એક્શન ફિલ્મને મોટા બજેટ સાથે બનાવવામાં આવશે. આ ફિલ્મની સ્ટોરી મિશન આધારિત છે અને તેમાં કોઈ કચાશ રાખવાની સાજિદની ઈચ્છા નથી. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી, પરંતુ તેના માટે છ



મોંઘા એક્શન સેટ બનાવવાનું આયોજન થઈ ગયું છે. શાહિદ કપૂરે એક્શન-થ્રિલર ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળી ત્યારથી જ આ ત્રિપુટીનું સાથે કામ કરવાનું નક્કી થઈ ગયું હતું. શાહિદ કપૂર અને સમગ્ર ટીમ સપ્ટેમ્બર મહિનાથી શૂટિંગ શરૂ કરવાનું વિચારે છે. ફિલ્મને ભારત અને અમેરિકામાં શૂટ કરવામાં આવશે. ફિલ્મના ટાઈટલ ઉપરાંત હજુ લીડ એક્ટ્રેસ પણ ફાઈનલ નથી. પ્રેગનન્સીના કારણે દીપિકા પાદુકોણ થોડા મહિના નવી ફિલ્મ લઈ શકે તેમ નથી. આ સ્થિતિમાં કિયારા, આલિયા, ક્રિતિ, કેટરિના જેવી કોઈ એ-ગ્રેડ સ્ટારને લીડ રોલ આપવામાં આવે તેવી શક્યતા છે. લીડ એક્ટ્રેસની પસંદગી માટે સાજિદ-વિશાલે વાતચીત શરૂ કરી છે.

# ફિલ્મનો 3ડી અવતાર, ઓક્ટોબરમાં ફિલ્મ ફરી રિલીઝ થશે



## પ્રશાંત વર્માની 'હનુ-માન' ૨૦૨૪ના વર્ષની સૌથી મોટી હિટ પુરવાર થઈ છે, ઓક્ટોબર મહિનામાં તેને જાપાનમાં રિલીઝ

પ્રશાંત વર્માની 'હનુ-માન' ૨૦૨૪ના વર્ષની સૌથી મોટી હિટ પુરવાર થઈ છે. ઓક્ટોબર મહિનામાં તેને જાપાનમાં રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે આ સમયગાળામાં તેના 3D અવતારને ભારતમાં રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. ડાયરેક્ટર પ્રશાંત વર્માએ જણાવ્યું હતું કે, ફિલ્મનું 3D વર્ઝન તૈયાર થઈ ગયું છે અને 'હનુમાન'ના ઈન્ટરનેશનલ વર્ઝન્સ પણ હવે 3Dમાં જ રિલીઝ થશે. આ સાથે ભારતમાં પણ સિલેક્ટેડ સ્ક્રિન્સમાં તેને ફરી રિલીઝ કરવામાં આવશે. જાપાનમાં 'RRR' અને ' કલ્કિ' જેવી સાઉથની ફિલ્મો સફળ રહી છે. આ અંગે વાત કરતાં પ્રશાંતે કહ્યું હતું કે, એક સમયે પશ્ચિમી દેશોમાં નોર્થની ફિલ્મોનો પ્રભાવ વધારે હતો. જો કે હિન્દી ફિલ્મોમાં પશ્ચિમી જગતનું અનુસરણ પાછલા દસકાથી વધ્યું છે. સાઉથ ઈન્ડિયન ફિલ્મો સેન્સિબિલિટી હજુ જાપાન અને કોરિયાની લાગણીને વધારે સ્પર્શે છે. ફિલ્મ સારી હોય તો જાપાની ઓડિયન્સ તેને વધાવવા તૈયાર હોય છે. જાપાનમાં 'હનુ-માન' રિલીઝ થઈ રહી છે ત્યારે તેનું ડબિંગ વર્ઝન તૈયાર કરાયું નથી. પ્રશાંત માને છે કે, ઓડિયન્સને પોતાની ભાષામાં સબ ટાઈટલ હોય તો અન્ય ભાષાની ફિલ્મ જોવામાં તકલીફ પડતી નથી. ઓડિયન્સને ડબિંગ વર્ઝન ખાસ પસંદ આવતું નથી. અગાઉ ૧૨ જાન્યુઆરીએ જાપાનમાં રહેતા તેલુગુ ઓડિયન્સ માટે તેને રિલીઝ કરાઈ હતી, પરંતુ પ્રમોટર્સે મોટા પાયે રિલીઝની તૈયારી બતાવતાં જાપાનમાં તેને ઓક્ટોબર મહિનામાં રિલીઝ કરાશે.

### 'સ્ત્રી ૨' ફિલ્મે સાત દિવસમાં જ બનાવ્યો કમાણીનો પહાડ

# શ્રદ્ધાને સ્ત્રી-૨ ફળી: ફોલોઅર્સની સંખ્યામાં રોકેટ સ્પીડથી વધારો થયો

દિનેશ વિજનની લેટેસ્ટ હોરર યુનિવર્સ ફિલ્મ 'સ્ત્રી ૨' ની હોરર સિનેમાઘરોમાં ચાલુ છે. પહેલા દિવસથી જ લોકોનું મનોરંજન કરી રહેલી આ ફિલ્મને વીકએન્ડમાં થિયેટરોમાં ફરી 'હાઉસફુલ'ના બોર્ડ લાગી ગયા, જે છેલ્લે ગયા વર્ષે રિલીઝ થઈ હતી.માત્ર દિલ્હી-મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં જ નહીં પરંતુ નાના શહેરો અને નગરોમાં પણ શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ ભારે ભીડ જમાવી રહી છે. આ ફિલ્મને જે પ્રેમ મળી રહ્યો છે તેની આશ્ચર્યજનક વાત એ છે કે તેની કમાણી સતત બેફામ ગતિએ વધી રહી છે. હવે આંકડા દર્શાવે છે કે ૭ દિવસમાં 'સ્ત્રી ૨'ની કમાણી બે નવા સીમાચિહ્નને પાર કરવાની નજીક છે.'સ્ત્રી ૨'ને સોમવારે રક્ષાબંધનનો લાભ મળ્યો અને સોમવારે, જે ફિલ્મોની ગતિમાં સ્પીડ બ્રેકર તરીકે કામ કરે છે, ફિલ્મે શુક્રવાર કરતાં વધુ કમાણી કરી. મંગળવારે તેના પ્રથમ કાર્યકારી દિવસનો સામનો કરી રહેલી આ ફિલ્મે ફરી એકવાર બતાવ્યું કે આગામી થોડા દિવસો સુધી તેની ગતિમાં કોઈ બ્રેક નહીં આવે. અને બુધવારે ફિલ્મ બે મોટા સીમાચિહ્નો પાર કરવાની નજીક આવી. મંગળવારે રૂ. ૨૬.૮૦ કરોડ સાથે, 'સ્ત્રી ૨'નું કલેક્શન રૂ. ૨૬૯ કરોડને પાર કરી ગયું હતું. હવે ટ્રેડ રિપોર્ટ્સ કહે છે કે ફિલ્મ બુધવારે પણ હિટ રહી હતી અને તેણે ૭મા દિવસે લગભગ ૨૦ કરોડ



રૂપિયાની કમાણી કરી લીધી છે. એટલે કે, અંતિમ કલેક્શનના આંકડા જાહેર થયા બાદ 'સ્ત્રી ૨'નું નેટ ઈન્ડિયા કલેક્શન ૨૯૦ કરોડ રૂપિયાની નજીક પહોંચી જશે. અત્યાર સુધી, ૨૦૨૪ ની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ પ્રભાસની 'કલ્કી ૨૮૯૮ એડી' છે, જેનું જીવનકાળનું નેટ કલેક્શન રૂ. ૨૯૩ કરોડ હતું. 'સ્ત્રી ૨', જે બુધવારની કમાણીથી રૂ. ૨૯૦ કરોડ સુધી પહોંચી ગઈ છે, તે ગુરુવારે બપોર પહેલા આ વર્ષની સૌથી મોટી હિન્દી ફિલ્મ બની જશે. આ સાથે 'સ્ત્રી ૨'નું ઈન્ડિયા કલેક્શન પણ ૩૦૦નો આંકડો પાર કરશે.૬ દિવસમાં 'સ્ત્રી ૨'નું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન રૂ. ૩૭૦ કરોડને વટાવી ગયું હતું અને બુધવાર પછી આ આંકડો રૂ. ૪૦૦ કરોડની નજીક પહોંચી જશે. જો ફાઈનલ કલેક્શનમાં 'સ્ત્રી ૨' બુધવારની કમાણીમાંથી રૂ. ૪૦૦ કરોડ સુધી પહોંચે તેવું લાગતું નથી, તો એ વાત નિશ્ચિત છે કે ગુરુવારની સવારના પ્રથમ શોથી જ ફિલ્મ અજાયબી કરશે.૨૦૨૪ માં સૌથી મોટી ભારતીય ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી' છે જેનું વિશ્વવ્યાપી કલેક્શન ૧૨૦૦ કરોડ રૂપિયાની નજીક છે. આ પછી તેલુગુ ઈન્ડસ્ટ્રીની ફિલ્મ 'હનુમાન' ૩૫૦ કરોડના ગ્રોસ કલેક્શન સાથે બીજા સ્થાને છે. પરંતુ હવે 'સ્ત્રી ૨' પણ આ વર્ષની બીજી સૌથી મોટી ભારતીય ફિલ્મ બની ગઈ છે. 'સ્ત્રી ૨'નો લક્ષ્યાંક આ સપ્તાહના અંતે રૂ. ૫૦૦ કરોડ સુધી પહોંચવાનો રહેશે.

## વિરાટ કોહલી અને પ્રિયંકા ચોપરા પછી શ્રદ્ધા કપૂર ત્રીજા નંબરે પહોંચી

શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨' રિલીઝ થયા પછી તેનાં કામનાં વખાણ તો થયાં જ છે, સાથે તેની લોકપ્રિયતા પણ વધી છે. તેના સોશિયલ મીડિયા ફેન ફોલોઅર્સ રાતોરાત વધવા લાગ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર શ્રદ્ધાના ફોલોઅર્સ એટલાં વધી ગયા છે કે, તેણે વડાપ્રધાન મોદીને પણ પાછળ રાખી દીધા છે. હવે તે ઈન્સ્ટાગ્રામની મોસ્ટ ફોલોવ્ડ ઈન્ડિયનની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. ઈન્સ્ટાગ્રામ પર ૨૧ ઓગસ્ટ, બુધવારે બપોરે ૨.૪૦ વાગ્યે શ્રદ્ધાના ૯૧૫૧૮૩૫૭ ફોલોઅર્સ છે, જ્યારે વડાપ્રધાન મોદીના ૯૧૩૯૧૭૯૭ ફોલોઅર્સ છે. બીજા નંબરે રહેલી પ્રિયંકા




ચોપરાના ૯૧.૮ મિલિયન ફોલોઅર્સ છે. જ્યારે ઈન્સ્ટાગ્રામના મોસ્ટ ફોલોવ્ડ કિંગ વિરાટ કોહલીના ૨૭૧ મિલિયન ફોલોઅર્સ છે. શ્રદ્ધાએ ઘણી સેલેબ્રિટીઝને પાછળ રાખી દીધી છે. જેમાં આલિયા ભટ્ટ ૮૫.૧ મિલિયન સાથે પાંચમા ક્રમે, ૮૦.૪ મિલિયન સાથે કેટરિના છઠ્ઠા સ્થાને, ૭૯.૮ મિલિયન ફોલોઅર્સ સાથે દીપિકા પાદુકોણ અને ત્યાર બાદ ૭૮.૭ મિલિયન ફોલોઅર્સ સાથે નેહા કક્કડ છે. આ યાદીમાં દસમા ક્રમે અને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોસ્ટ ફોલોવ્ડ એક્ટર સલમાન ખાન છે, જે ઈન્સ્ટાગ્રામ પર ૬૯.૩ મિલિયન ફોલોઅર્સ ધરાવે છે. જોકે, એ પણ મહત્વની વાત છે કે વડાપ્રધાન મોદી એક્સ પર ૧૦૧.૨ મિલિયન ફોલોઅર્સ સાથે ગ્લોબલી મોસ્ટ ફોલોવ્ડ લીડરમાં સ્થાન ધરાવે છે. આ યાદીમાં તેઓ યુએસના પ્રેસિડેન્ટ જો બાયડન, દુબઈના શાસક શેખ મહોમ્મદ અને પોપ ળાન્સિસ કરતાં પણ આગળ છે. ભારતના અન્ય રાજનેતાઓની વાત કરવામાં આવે તો એક્સ પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ૨૬.૭ મિલિયન ફોલોઅર્સ, તેમજ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૨૭.૬ મિલિયન ફોલોઅર્સ છે. શ્રદ્ધા કપૂર તેની ફિલ્મની સફળતાને કારણે હાલ ચર્ચામાં છે. આ મેડોક પ્રોડક્શન્સની આ ફિલ્મ અમર કૌશિકે ડિરેક્ટ કરી છે અને નિરેન ભટ્ટે લખી છે. તેમાં અક્ષય કુમાર અને વરુણ ધવનના કેમિયો પણ ચર્ચામાં છે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સની આ પાંચમી ફિલ્મ છે, જેમાં શ્રદ્ધા ઉપરાંત અપારશક્તિ ખુરાના, રાજકુમાર રાવ, અભિષેક બેનર્જી અને પંકજ ત્રિપાઠી જેવા કલાકારો પણ છે.

# નવી પેઢીની કરીના એટલે 'કોલ મી બે'ની અનન્યા પાંડે

## 'કભી ખુશી ગમ'માં પુનું કેરેક્ટર મનમોજી અને લાગણીશીલ હતું, તેના જેવું જ કેરેક્ટર બે માં જોવા મળશે




અનન્યા પાંડેની આગામી વેબ સિરીઝ 'કોલ મી બે'નું ટ્રેલર મંગળવારે લોન્ચ થયું છે. સિરીઝના પ્રોડ્યુસર કરણ જોહરે અનન્યાની નવી ઈનિંગ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, 'કોલ મી બે'માં અનન્યા પાંડેના કેરેક્ટરને નવી પેઢીની કરીના કપૂર ખાન સાથે સરખાવી શકાય. 'કભી ખુશી કભી ગમ'માં કરીના કપૂર ખાનનો રોલ જ્યાંથી અટક્યો હતો, ત્યાંથી આ સિરીઝમાં અનન્યા પાંડેના કેરેક્ટરની શરૂઆત થાય છે. અનન્યા પાંડે 'કોલ મી બે'થી ઓટીટી પ્લેટફોર્મ પર ડેબ્યુ કરવા જઈ રહી છે. ટ્રેલર લોન્ચ દરમિયાન કરણ જોહરે કહ્યું હતું કે, રોહન રાયચંદ (રિતિક રોશન) અને પૂજા રાયચંદ (પુ-કરીના)ની દીકરી અત્યારે યુવાન થઈ જાય અને તેવી કેવી હોઈ શકે તેનું નિરુપણ બે માં કરાયું છે. જનરેશન ઝેડની બેનને આધુનિક સમયમાં પુ ની કોપી કહી શકાય. શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, કાજોલ, રિતિક રોશન અને કરીના કપૂર ખાનને લીડ રોલમાં દર્શાવતી 'કભી ખુશી ગમ' ૨૩ વર્ષ અગાઉ રિલીઝ થઈ હતી. ફિલ્મમાં રિતિક અને કરીનાના લગ્ન થતાં બતાવાયા હતા. વીતેલા ૨૩ વર્ષમાં તેમની દીકરીનો જન્મ થયો હોય તો તે કેવી હોત તેને 'કોલ મી બે'માં દર્શાવાયું છે. કરણ જોહરે કહ્યું હતું કે, 'કભી ખુશી ગમ'માં પુનું કેરેક્ટર મનમોજી અને લાગણીશીલ હતું. તેના જેવું જ કેરેક્ટર બે માં જોવા મળશે. આ સિરીઝમાં અનન્યાને દિલ્હીની છોકરી બતાવાઈ છે, જે લકઝુરિયસ લાઈફ એન્જોય કરી રહી છે. તેના તમામ બેન્ક કાર્ડ અચાનક બ્લોક થઈ જાય છે અને તે પછી તેને મિડલ ક્લાસ લાઈફનો અનુભવ થાય છે. બે ના જીવનમાં આવેલા પરિવર્તન પછી સમગ્ર સ્ટોરી મુંબઈ શિફ્ટ થાય છે, જ્યાં અનન્યાનું આ કેરેક્ટર આપબળે જીવનમાં આગળ વધે છે. રોજબરોજના જીવનમાં આવતી મુશ્કેલીઓની તે કઈ રીતે અવસરમાં બદલે છે તેની સ્ટોરી આ સિરીઝમાં આવશે. 'કોલ મી બે'માં અન્યાની સાથે વીર દાસ, ગુરફતેહ પિરઝાદા વરુણ સુદ, વિહાન સામત, મુસ્કાન જાફરી, નિહારિકા લાયરા દત્ત, લિસા મિશ્રા અને મિનિ માથુર મહત્ત્વના રોલમાં છે.

# વિદેશ અભ્યાસના સ્વપ્નને સાકાર કરતી યોજના એટલે ગુજરાત સરકારની "વિદેશ અભ્યાસ લોન" સહાય યોજના

## નવસારી જિલ્લામાં આજદિન સુધી વિદેશ અભ્યાસ માટે કુલ ૩૧ વિદ્યાર્થીઓને રૂ. ૩.૪૯ કરોડની લોન આપવામાં આવી છે



। (માહિતી) નવસારી, તા.૨૩ ।

ગુજરાતમાં વિદ્યાર્થીઓને વિદેશ જઈ ઉચ્ચ અભ્યાસ કરવા માટે સરકારશ્રી દ્વારા આર્થિક રુપે મદદ કરવા માટે "વિદેશ અભ્યાસ લોન" સહાય શરુ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ગુજરાત સરકારે જે વિધાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા જવા ઈચ્છતા હોય તેમને ૪ % સાદા વ્યાજના દરે ૧૫ લાખ "વિદેશ અભ્યાસ લોન" આપવામાં આવે છે. આ યોજના હેઠળ ગુજરાત રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) અને આર્થિક રીતે પછાતવર્ગ (EBC)ના વિધાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ લોન આપવામાં આવે છે. જેને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વિકસતિ જાતિ) નવસારી ની કચેરી દ્વારા સંચાલન કરવામાં આવે છે. નવસારી જિલ્લા ખાતે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી કચેરી (વિ.જા) નવસારી દ્વારા જિલ્લામાં વસતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) અને આર્થિક રીતે પછાતવર્ગ (EBC )ના વિધાર્થીઓન વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા જવા માટે "વિદેશ અભ્યાસ લોન" આપવામાં આવે છે. નવસારી શહેરના રહેવાસી વિજયભાઇ ધનસુખભાઇ પરમાર પોતાની દિકરી ક્રિષ્ના વિજયભાઇ પરમારના વિદેશમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરવાના સ્વપ્રને ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી "વિદેશ અભ્યાસ લોન" યોજના થકી સાકાર કરી શક્યા તેથી તેઓ ગુજરાત સરકાર અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)ની કચેરી નવસારીનો આભાર વ્યક્ત કરતા જણાવે છે કે,"મારી દિકરી ભણવામાં હોંશિયાર હતી અને ફુડ મેન્યુફેકચરીંગ લાઈનમાં ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઈ આગળનો અભ્યાસ પુર્ણ કરવા માગતી હતી. પરંતુ મારી આર્થિક પરિસ્થિતી એટલી સારી ન હતી કે, દિકરીને વિદેશ ભણવા માટે મોકલી શકું પરંતુ જયારે મને ગુજરાત સરકારની વિદેશ અભ્યાસ લોન" વિશે જાણકારી મળી ત્યારે તરત જ હું જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)ની કચેરી નવસારી ખાતે ગયો અને આ યોજના વિશે વધારે માહિતી મેળવી ત્યાર બાદ મેં મારી દિકરી માટે આ યોજના થકી લોન લેવાનું નક્કી કર્યું હતું. ત્યાર બાદ મેં આ યોજનામાં મને દિકરીના અભ્યાસ માટે ૪% સાદા વ્યાજના દરે ૧૫ લાખ રૂપિયાની લોન મળી હતી. જેમાં એક જ હપ્તામાં ૧૫ લાખ રૂપિયા લોન મેળવી હતી.

# ભરૂચ જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને વિકસિત ભરૂચ @ 2047 વિઝન ડોક્યુમેન્ટ વર્કશોપ સંપન્ન



। (માહિતી) ભરૂચ, તા.૨૩ ।

ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં અન્ય વિકસિત રાષ્ટ્રની હરોળમાં લાવવાના નિર્ધારને પરિપૂર્ણ કરવાના હેતુથી ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને ભરૂચ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે 'વિકસિત ભરૂચ @ 2047 વિઝન ડોક્યુમેન્ટ' અતંર્ગત જિલ્લાના અધિકારીશ્રીઓ માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૪૭ માટેના રાષ્ટ્રનું વિઝન રજુ કર્યુ છે, આ વિઝન મુજબ આઝાદીની શતાબ્દિ સુધીમાં દેશને વિકાસને નવી ફલક પર લઈ જવાનો છે. 'નવા ભારત'ની કલ્પના કરી દેશ અને નાગરિકોને સમૃધ્ધિને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સામૂહિક પ્રયાસો કરવાની હાકલ કરી છે, તે વિઝનને વિકસિત ભારત @ 2047 તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અને રાજ્યની જનતાની તમામ સુખાકારીમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વિઝન ડોક્યુમેન્ટ વિકસિત ગુજરાતજ ૨૦૪૭ તૈયાર કરવામાં આવ્યું છે.

# ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે થી ૧૪૭૩૩૬૦ રૂપિયાનો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડતી લીમડી પોલિસ : આઠ આરોપી ફરાર



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ સ્ટેશનના પીએસઆઈ વિ.જી.ગોહેલ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે ખરવાણી મુકામે રહેતા અશોક ભાભોર, મીનેશ માવી (બોરવાણી), મોહન પટેલ (સિંગવડ), સતીષ કિશોરી (સીમલીયા), મોહન ભાભોર (ખરવાણી), લીલેશ નીનામા (હાંડી), પંકજ નિનામા (કાળી મહુડી), અંકિત હઠીલા (પારેવા) લોકો ઇંગ્લીશ દારૂનો મોટો જથ્થો વેંચાણ કરવા વાહન મારફતે મંગાવી ડુંગરી મુકામે ગેંગદીયા ફળિયામાં અવાવરુ કોતરમા સંતાડી રાખ્યાની માહિતી પીએસઆઇ ગોહેલને મળી હતી.

માહિતી મળતા પીએસઆઇ દ્વારા પોલિસ સ્ટાફને સાથે રાખી બાતમી મળેલ જગ્યાએ રેડ કરી હતી. ત્યાં રેડ પાડતા વિદેશી દારૂ બિયરની કુલ ૩૪૩ પેટી મળી આવી હતી જેમાં કુલ ૧૦૧૫૨ જેટલી દારૂ બિયરની બોટલો હતી જેની અંદાજિત કીમત ૧૪,૭૩,૩૬૦ રૂપિયા જેટલી થાય છે. આમ લીમડી પોલિસને મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળેલ છે અને ફરાર આઠ જેટલા આરોપી પર કાયદેસરની કાર્યવાહી કરવા પગલા લેવામાં આવેલ છે.

# ઝાલોદ પ્રાંત અધિકારીને કોમી એકતા ખંડિત કરનાર મહંત પર કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ભારત દેશ લોકશાહીમા માનનાર વિશ્વનો સૌથી મોટો દેશ છે. ભારત દેશમા વિવિધતામા એકતાની ખૂબી સાથે દરેક ધર્મ, સમાજના લોકો એક જૂથ થઈ ભાઈચારા સાથે રહે છે અને તેથી જ ભારત દેશમાં વસતા તમામ લોકોને બંધારણના સમાન હક મળે છે. દરેક ધર્મના લોકો પોતાની રીતે પોત પોતાના ધર્મમા ખૂબ જ આસ્થા રાખે છે જેથી કોઈ પણ ધર્મના લોકોને બીજા કોઈ પણ ધર્મના સમુદાય વિશે નફરત ફેલાવાનો અધિકાર નથી. છતાંય કેટલાક લોકો એક બીજાના ધર્મનુ અપમાન કરી લોકોને ગેરમાર્ગે દોરી કોમી ભેદભાવ સર્જવાની કોશિશ કરે છે.

આજે ઝાલોદ પ્રાંત અધિકારીને મુસ્લિમ સમુદાય દ્વારા મહારાષ્ટ્ર ખાતે મહંત રામગીરી મહારાજ દ્વારા તેમના પ્રવચનમા મુસ્લિમ સમાજના ધર્મગુરુ વિશે અભદ્ર ટીપ્પણી કરવામાં આવી હતી. તેનાથી ભારત દેશમાં વસતા તમામ મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે. આવી હેટ સ્પીચને મુસ્લિમ સમાજ સખત શબ્દોમાં વખોડી રહેલ છે. જેથી હેટ સ્પીચ આપનાર મહંત પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે મુસ્લિમ સમાજ દ્વારા માંગ કરવાના આવેલ છે.

# ગુજરાતના મધ્યકાલીન ભક્ત કવિઓના ગહન વારસાને સાચવવાનો રાજ્ય સરકારનો અનોખો પ્રયાસ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ 'નર્મદ'ના જન્મદિવસે ૨૪ ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતના ગહન આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને સંરક્ષિત કરવાની દિશામાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ વર્ષે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આપણા અમૂલ્ય વારસા સાથે સંકળાયેલા ગુજરાતના મધ્યકાલીન કવિઓની હસ્તપ્રતો અને રચનાઓને સંરક્ષિત કરવા માટે ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૫ કરોડના ખર્ચે જુનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરિસરમાં પાંચ એકર વિસ્તારમાં આ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે સંશોધન કેન્દ્રના ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં આ કેન્દ્રની કામગીરી પૂર્ણ થશે.

**મધ્યકાલીન યુગની હજારો રચનાઓ તારવવામાં આવી**

આ પ્રોજેક્ટ અંગે વધુ માહિતી આપતા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ ભાગ્યેશ જહાએ જણાવ્યું કે, "મધ્યકાળમાં જેટલું કામ ગુજરાતી ભાષામાં થયું છે, તેટલું કોઈ ભારતીય ભાષાઓમાં નથી થયું. એ કામ બહાર લાવવું ખૂબ જ જરૂરી છે. એ સમયના નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, ભાલણ, અખો, દયારામ, ગંગાસતી-પાનબાઈ સહિતના કવિઓ અને ભક્તોનો એક સમૃદ્ધ વારસો છે. મધ્યકાલીન યુગની જ વાત કરીએ તો અત્યાર સુધી અલગ અલગ હજારો રચનાઓ અમે તારવી છે. આ સંશોધન કેન્દ્રના માધ્યમથી તે પદો ઉકેલીને તેનું યોગ્ય અર્થઘટન કરવામાં આવશે અને વર્તમાન સાપેક્ષમાં તેને રજૂ કરવામાં આવશે જેથી તે વર્તમાન અને ભવિષ્યની પેઢી સુધી પહોંચે."

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનશે**

આ સંશોધન કેન્દ્રમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનાવવામાં આવશે. આ મ્યુઝીયમમાં મધ્યકાલીન હસ્તપ્રતો અને તેની રેપ્લિકાઓ, વર્ચ્યુઅલ રિયાલીટીના માધ્યમથી સાહિત્ય અને કૃતિ – કર્તાનું નિદર્શન, સાહિત્યકારોના જીવનકવન તેમજ મધ્યકાલીન પુસ્તકોને ડિજીટલ તથા ઓડિયો અને વીડિઓ સ્વરૂપે દર્શાવવામાં આવશે.

# બહુચરાજી માતાજીના મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીનું મુખ્યમંત્રીના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

## પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત રૂપિયા ૭૬.૫૧ કરોડના ખર્ચે મંદિરનું પુનઃનિર્માણ કરીને શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે



। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાના મંદિરના પુનઃ નિર્માણના પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બહુચરાજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ બહુચર માતાજીની પૂજા અર્ચના કરીને જન સુખાકારીની પ્રાર્થના કરી હતી.

મંદિર પુનઃ નિર્માણનો સમગ્ર નકશો મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રવાસન વિભાગ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસર સહિત ત્રણે ફેઝની સમગ્ર પુનઃ નિર્માણ કામગીરીની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓ તેમજ સ્થાનિકોનું ઉમળકાભેર અભિવાદન ઝીલ્યુ હતું. બહુચરાજી મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીના આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત પણ જોડાયા હતા. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી રજનીભાઈ પટેલ, રાજ્ય સભા સાંસદશ્રી મયંકભાઈ નાયક, લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, અગ્રણી સર્વશ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રીમતી વર્ષાબેન દોશી, શ્રી યજ્ઞેશ દવે, પ્રવાસન વિભાગના સચિવશ્રી રાજેન્દ્ર કુમાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રીમતી એસ. છાકછુઆક, ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી ડૉ. હસરત જૈસમીન સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બહુચરાજી માતાજીના મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત રૂપિયા ૭૬.૫૧ કરોડના ખર્ચે શ્રી બહુચરાજી માતાજી મંદિરનું પુનઃનિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે.

# તાપી જિલ્લો -PM-JANMAN કાર્યક્રમ ફેઝ-૨ - પીએમજનમન અભિયાન અંતર્ગત તાપી જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોમાં લાભ વિતરણ અને જનજાગૃતિ કેમ્પો યોજાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

દેશના પ્રધાનંત્રીશ્રી દ્વારા ગત તા.૧૫ મી નવેમ્બર, ૨૦૨૩ ના રોજથી PM-JANMAN (પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન) જાહેર કરવામાં આવ્યું છે. આ અભિયાન અન્વયે ભારત સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા, તારીખ ૨૩મી ઓગસ્ટ-૨૦૨૪ થી તા.૧૦મી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધી, બીજા તબાકાના PM-JANMAN મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં આજથી એટલે કે ૨૩મી ઓગસ્ટથી ગ્રામપંચાયત કક્ષાએ પીએમજનમન અભિયાન અંતર્ગત યોજનાકિય લાભોથી વંચિત લાભાર્થીઓ માટે જનજાગૃતિ કેમ્પ નું આયોજન જિલ્લા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન. શાહ તથા પ્રાયોજના વહિવટદારશ્રી રામનિવાસ બુગાલીયાના સચોટ માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

# કડાણા તાલુકાના લીમપુર મુકામે નાગ પંચમીની ઉજવણી





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૩ ।

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે પવિત્ર શ્રાવણ માસના વદ પાંચમને શુક્રવાર તારીખ ૨૩/ ૮ /૨૪ ને શુક્રવાર ના રોજ આ વર્ષે પણ પારંપારિક રીતે શ્રી ભાનુભાઈ કે. ચૌધરી તેમજ શ્રી રેખાબેન બી. ચૌધરી ના શ્રી રાજ રાજેશ્વરી મા વિહત, માં મેલડી,માં મહીસાગર તેમજ મા અર્બુદા માતા ના મઢમાં સ્થાપિત ગોગા મહારાજના સ્થાનકે સુખાકારી તેમજ રક્ષણ અને કલ્યાણ અર્થે શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન કરવામાં આવેલ હતું.યજમાન શ્રી સંજયભાઈ શ્રી દિપકભાઈ તેમજ શ્રી ક્રિષ્નાબેન ના પાવન હસ્તે ગોગા મહાદેવને કુલેર દૂધ સાકર તેમજ નૈવેદ્ય ધરાવી પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. આજુબાજુના વિસ્તારના અનેક ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. જીવનસાથી તમારી સંભાળ લેશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથીને ખુશ રાખવામાં સમર્થ હશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. કાર્યક્ષેત્ર માં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે. જો તમે કોઈ ની જોડે સંકળાવા માંગતા હો તો ઓફિસથી અંતર રાખીનેજ એમની જોડે વાત કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે.

## પાક.માં પોલીસ ટીમ ઉપર રોકેટ હુમલો



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

ગુરુવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બદમાશોએ પોલીસ ટીમ પર રોકેટ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. અનેક પોલીસકર્મીઓને બંધક બનાવવામાં આવ્યા હતા. પોલીસ પર હુમલો ત્યારે થયો જ્યારે બે મોબાઈલ પોલીસ વાન માચા પોઈન્ટ પર કાદવવાળા રસ્તા પર ફસાઈ ગઈ.પંજાબ પોલીસના પ્રવક્તાએ કહ્યું, “આ દરમિયાન ડાકુઓ ત્યાં પહોંચ્યા અને તેમના પર રોકેટથી હુમલો કર્યો. હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે કેટલાકને બંધક બનાવી લેવામાં આવ્યા હતા અને બાકીના ઘાયલ થયા હતા.”તેમણે કહ્યું કે મૃતકોની સંખ્યા વધી શકે છે કારણ કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર છે. હુમલા બાદ ગુનેગારો નાસી જવામાં સફળ રહ્યા હતા. ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચી ગયા અને ઘાયલોને રહીમ યાર ખાનની શેખ જાયદ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા.આ ઘટનાની કડક નોંધ લેતા, પંજાબના મુખ્ય પ્રધાન મરિયમ નવાઝે આઈજી પોલીસ ડૉ. ઉસ્માન અનવરને ઘટનાસ્થળે પહોંચવા અને ગુનેગારો દ્વારા બંધક બનાવાયેલા પોલીસકર્મીઓને બચાવવા માટે ઓપરેશન શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે આવા જિલ્લાઓના ઉબડખાબડ વિસ્તારો (પરા) માં ગુનેગારોનું શાસન સહન કરવામાં આવશે નહીં.આ પહેલા પાકિસ્તાનના એટોકમાં સ્કૂલ વાન પર ફાયરિંગનો મામલો સામે આવ્યો હતો. કોઈ અજાણ્યા શખ્સે આ હુમલો કર્યો હતો. જેમાં બે બાળકોના મોત થયા છે જ્યારે પાંચ બાળકો ઘાયલ થયા છે. આ ઘટના એટકના ઢેરી કોટમાં બની હતી. આ હુમલામાં સ્કૂલ વાનના ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એટોક પોલીસનું કહેવું છે કે હુમલાખોર ગોળીબાર કરીને સ્થળ પરથી ભાગી ગયો હતો. તમામ બાળકોની ઉંમર ૧૦ થી ૧૨ વર્ષની વચ્ચે છે.પ્રાદેશિક પોલીસ અધિકારી બાબર સરફરાઝ અલ્પાનું કહેવું છે કે અંગત અદાવતના કારણે આ ઘટના બની છે. હુમલાખોરનું ટાર્ગેટ ડ્રાઈવર હતો પરંતુ સ્કૂલના બાળકો પણ તેનો શિકાર બન્યા હતા. આ મામલે આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

### વિદેશોમાં પણ આરોપીઓને કડકમાં કડક સજા આપવાની માંગ ઉઠી છે

## કોલકાતાની ઘટનાઃ દુનિયાભરમાં ઉઠી રહી છે ન્યાયની માંગ

### લંડનમાં બ્રિટિશ પાર્લમેન્ટની બહાર અનેક લોકો એકઠા થયા હતા અને ન્યાય માટે આજીજી કરી હતી

। (એજન્સી) લંડન, તા.૨૩ ।

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં એક મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે થયેલી નિર્દયતા બાદ સમગ્ર વિશ્વમાં ન્યાયની માંગ ઉઠી છે. માત્ર ભારતમાં જ નહી પરંતુ વિદેશોમાં પણ આરોપીઓને કડકમાં કડક સજા આપવાની માંગ ઉઠી છે. ન્યાય માટેનો પોકાર હવે ભારતથી બ્રિટન પહોંચ્યો છે. જ્યાં લંડનમાં બ્રિટિશ પાર્લામેન્ટની બહાર અનેક લોકો એકઠા થયા હતા અને ન્યાય માટે આજીજી કરી હતી. આ સમય દરમિયાન, કોઈના હાથમાં શ્રદ્ધાંજલિ આપવા માટે ફૂલ હતું તો કોઈના હાથમાં મીણબત્તી હતી. અનેક લોકો બેનરો વગેરે લઈને પહોંચ્યા હતા. આ દરમિયાન આજતકે આ વિરોધ કરી રહેલા લોકો સાથે વાત કરી.ડૉ. દીપ્તિ જૈને કહ્યું કે હું બ્રિટનમાં ડૉક્ટરોની કમિટીની જવાબદારી સંભાળું છું. અમે ક્યારેય વિચાર્યું ન હતું કે અમારે ક્યારેય આ પ્રકારનો વિરોધ કરવો પડશે. અમે આ પહેલા પણ અનેક પ્રકારની ઈવેન્ટ્સ કરી છે, પરંતુ આ ખૂબ જ ઈમોશનલ છે. અમે બધા ન્યાયની માંગ સાથે અહીં એકઠા થયા છીએ. આ પ્રદર્શન માત્ર અહીં જ નથી થઈ રહ્યું પરંતુ બ્રિટનના ૧૬ શહેરોમાં



થઈ રહ્યું છે. આ ઉપરાંત અમેરિકામાં પણ અનેક જગ્યાએ ન્યાયની માંગણી માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે તે વૈશ્વિક સ્તરે જશે. અમે ન્યાય અને મહિલા સુરક્ષા માટેની અમારી માંગણીઓ ચાલુ રાખીશું અને એક તાલીમાર્થી ડૉક્ટરનું જીવન બરબાદ કરનાર આ જઘન્ય અપરાધ કરનાર ગુનેગારોને શક્ય તેટલી સખત સજાની માંગણી કરીશું. ।પણે બધા ડોકટરો અહીં ઓછા-વત્તા પ્રમાણમાં છીએ અને અમે એક જ શહેરમાં તાલીમ લીધી છે અને અમે ત્યાં એક જ કોરિડોરમાં ફર્યા છીએ, તેથી તે ઘણી બધી યાદો તાજી કરે છે. અમે બધા ત્યાં રહ્યા છીએ. વિરોધમાં ભાગ લેનાર અન્ય એક ડોક્ટરે કહ્યું કે અમને બધાને કોલકાતાની હોસ્પિટલોમાં તાલીમ આપવામાં આવી છે. સૌથી અગત્યનું, અમે વિચાર્યું કે હોસ્પિટલ સૌથી સુરક્ષિત જગ્યા છે. મને યાદ છે કે મારી માતા મને કહેતી હતી કે અડધી રાત્રે ઘરે ન આવવું કારણ કે તમારા માટે કામ કરવું સલામત નથી. હું ત્યાં જ છું. મેં ત્યાં નેશનલ મેડિકલ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે, જે કોલકાતાની સરકારી કોલેજ છે. ત્યારે મારી માતા કહેતી કે રાત્રે ઘરે ન આવો, માત્ર હોસ્પિટલ જ સલામત છે. અમે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે હોસ્પિટલની અંદર પણ આવું કંઈક થઈ શકે છે. તેથી અમે અહીં કામના સ્થળે સલામતીની ચિંતા કરીને બેઠા છીએ. વિરોધમાં સામેલ એક વ્યક્તિએ આજતક સાથે વાત કરતા કહ્યું કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે કોલકાતા શહેરમાં આવી ખરાબ ઘટના બની શકે છે. હું એ મેડિકલ કોલેજનો નથી પણ અલગ મેડિકલ કોલેજમાં ભણ્યો છું. પરંતુ મારી પત્નીએ તેનું પોસ્ટ ગ્રેજ્યુએશન એ જ મેડિકલ કોલેજ (આરજી કાર)માંથી કર્યું છે. અને સાચું કહું તો ગયા અઠવાડિયે જ અમે વાત કરી રહ્યા હતા કે અમે ત્યાં હતા અને મેડિકલ કૉલેજ વિશે બધું જાણીએ છીએ. પરંતુ તેની અંદર આવી ઘટના બની શકે છે.

### પાકિસ્તાનમાં મોટો રાજદ્વારી ગોટાળો...

## સુરક્ષાકર્મીઓએ શહેબાઝ શરીફને મળવા આવેલા જર્મન મંત્રીનું પર્સ ચેક કરવાનું શરૂ કર્યુ

### પોતાની નીતિઓને કારણે વૈશ્વિક સ્તરે ઘણી ટીકાઓનો સામનો કરી રહેલા પાકિસ્તાને ગુરુવારે એક મોટી રાજદ્વારી ભૂલ કરી છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

મળતી માહિતી મુજબ, જર્મનીના ફેડરલ ડેવલપમેન્ટ મિનિસ્ટર સ્વેન્જા શુલ્ઝે ગુરુવારે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને મળવા પહોંચ્યા હતા, પરંતુ આ દરમિયાન તેમની સાથે એક અણધારી ઘટના બની હતી. વાસ્તવમાં, વડા પ્રધાન ગૃહના પ્રવેશદ્વાર પર, સુરક્ષા ગાર્ડ્સે શુલ્ઝેને તેની હેન્ડબેગ સોંપવા કહ્યું. પોતાની નીતિઓને કારણે વૈશ્વિક સ્તરે ઘણી ટીકાઓનો સામનો કરી રહેલા પાકિસ્તાને ગુરુવારે એક મોટી રાજદ્વારી ભૂલ કરી છે. તે પ્રકાશમાં આવ્યું છે કે પીએમ શાહબાઝ શરીફના નિવાસસ્થાનના પ્રવેશ દ્વાર પર હાજર સુરક્ષા કર્મચારીઓએ જર્મન મંત્રી પાસેથી તેમની હેન્ડબેગ માંગી હતી. સુરક્ષાના કારણોને ટાંકીને સુરક્ષાકર્મીઓએ તેને બેગ છોડીને પીએમને મળવા જવા કહ્યું. આ રાજદ્વારી ભૂલને કારણે પીએમ



શહબાઝ શરીફની જર્મનીના ફેડરલ ડેવલપમેન્ટ મિનિસ્ટર સ્વેન્જા શુલ્ઝે સાથેની મુલાકાત લગભગ રદ્દ થવાની તૈયારીમાં હતી, પરંતુ છેલ્લી ઘડીએ સુરક્ષાકર્મીઓએ તેમને બેગ સાથે લઈ જવાની મંજૂરી આપી દીધી. આ ડિપ્લોમેટિક લેપ્સનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના પર યુઝર્સ અલગ અલગ કોમેન્ટ કરી રહ્યા છે.મળતી માહિતી મુજબ, જર્મનીના ફેડરલ ડેવલપમેન્ટ મિનિસ્ટર સ્વેન્જા શુલ્ઝે ગુરુવારે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને મળવા પહોંચ્યા હતા, પરંતુ આ દરમિયાન તેમની સાથે એક અણધારી ઘટના બની હતી.

### અધીર રંજને કોલકાતા કેસ પર કપિલ સિબ્બલને વિનંતી કરી

## ‘તમે દેશના પ્રખ્યાત વકીલ છો પરંતુ આ કેસથી દૂર રહો’

### બંગાળ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ આ ઘટનાને લઈને ફરી એકવાર રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે

। (એજન્સી) કોલકાતા, તા.૨૩ ।

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાને લઈને બંગાળ સહિત દેશના ઘણા ભાગોમાં સતત વિરોધ થઈ રહ્યો છે. આ મામલે મમતા સરકાર માત્ર વિપક્ષના નિશાના પર નથી, પરંતુ ટીએમસીની અંદરથી પણ તેમની વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. બંગાળ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ આ ઘટનાને લઈને ફરી એકવાર રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે.અધીર રંજન ચૌધરીએ સુપ્રિમ કોર્ટમાં આ કેસમાં મમતા સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા પ્રખ્યાત વકીલ કપિલ સિબ્બલને આ કેસમાંથી અલગ થવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે કપિલ સિબ્બલ મોટા વકીલ છે, તેમણે આ કેસમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવું જોઈએ, આ મારી વિનંતી છે. બંગાળના સામાન્ય લોકોના ગુસ્સાને ધ્યાનમાં રાખીને સિબ્બલ જીએ પાછા હટી જવું જોઈએ.મીડિયા સાથે વાત કરતા અધીર રંજન ચૌધરીએ કહ્યું, ‘કપિલ સિબ્બલ એક પ્રખ્યાત વકીલ છે. તેઓ



ભારતના કાયદાકીય વિશ્વમાં પણ મોટા સ્ટાર છે. હું તેમને વિનંતી કરીશ કે તેઓ કેસમાંથી ખસી જાય અથવા કેસથી દૂર રહે. બંગાળના સામાન્ય લોકોની લાગણી અને ગુસ્સાને ધ્યાનમાં રાખીને હું આ કહી રહ્યો છું. તમે ગુનેગારોનો સાથ ન આપો તો સારું છે કારણ કે તમે એક સમયે લોકસભાના ચૂંટાયેલા પ્રતિનિધિ હતા. હજુ પણ રાજ્યસભાના સભ્ય છે.તેમણે આગળ કહ્યું, ‘આરજી કાર હોસ્પિટલની ઘટના બાદ સામાન્ય લોકોમાં જે ગુસ્સો અને ગુસ્સો જ્વાળામુખીની જેમ બહાર આવી રહ્યો છે તેને જોતા તમારે (સિબ્બલ) વિચારવું જોઈએ. બંગાળના મુખ્યમંત્રી તેમના મૃત્યુ પછી ડૉક્ટરના પરિવારને મળ્યા અને તેમને આકર્ષવાનો પ્રયાસ કરતા કહ્યું કે તમને ૧૦ લાખ મળશે, ચૂપ રહો. તમને (કપિલ સિબ્બલ) પણ ઓછી રકમ આપવામાં આવશે નહીં. મમતા બેનર્જી પાસે ઘણા પૈસા છે જે અમારા ટેક્સના પૈસા છે.સોશિયલ મીડિયાનો ઉલ્લેખ કરતાં અધીર રંજન ચૌધરીએ કહ્યું, ‘સિબ્બલ સાહેબ, હવે સોશિયલ મીડિયા પર જે જોવા મળી રહ્યું છે તે જોઈને મને ખરાબ લાગે છે. જ્યારે લોકો સોશિયલ મીડિયા પર તમારી વિરુદ્ધ ખરાબ લખતા હોય ત્યારે મને સારું નથી લાગતું. તમે એક સમયે અમારી પાર્ટીના નેતા, મંત્રી અને માનવ સંસાધન મંત્રી હતા. તમે નાના મંત્રી ન હતા.

### કેરળમાં બનશે અનોખો રેકોર્ડ

## IAS પતિ નિવૃત્ત થાય તો તેમની જગ્યાએ પત્ની બનશે મુખ્ય સચિવ

। (એજન્સી) કેરળ, તા.૨૩ ।

કેરળ આગામી દિવસોમાં નોકરશાહીમાં એક અનોખો રેકોર્ડ બનાવવા જઈ રહ્યું છે. કારણ કે, ૩૧ ઓગસ્ટે કેરળના મુખ્ય સચિવ ડો.વેણુ વીની જગ્યાએ તેમની પત્ની શારદા મુરલીધરન આવશે. તેઓ હાલમાં આયોજન વિભાગના અધિક મુખ્ય સચિવ છે. વાસ્તવમાં, વરિષ્ઠ IAS અધિકારી ડૉ. વેણુ વી ૩૧ ઓગસ્ટના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સરકારે આ પદ માટે તેમની પત્ની વરિષ્ઠ IAS અધિકારી શરદ મુરલીધરનની પસંદગી કરી છે.કેરળના ઈતિહાસમાં આ પહેલીવાર બનશે કે જ્યારે કોઈ



દંપતી સતત બે ટર્મ માટે મુખ્ય સચિવનું પદ સંભાળશે. જેના કારણે આ આઈએએસ કપલ સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યું છે. ડો.વેણુ IAS એ તેમની પત્નીને તેમના અનુગામી બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પહેલા પણ બે યુગલો મુખ્ય સચિવનું પદ સંભાળી ચુક્યા છે, પરંતુ આ પ્રથમ વખત છે જ્યારે કોઈ દંપતી સતત બે ટર્મ માટે મુખ્ય સચિવ પદ પર છે, એટલે કે તેઓ ઉત્તરાધિકારી તરીકે આ પદ સંભાળશે. અગાઉ ૧૯૫૭ બેચના વી રામચંદ્રન અને તેમની પત્ની ૧૯૫૮ બેચના પદ્મા રામચંદ્રન, ૧૯૬૮ બેચના બાબુ જેકબ અને ૧૯૭૧ બેચના તેમની પત્ની લિઝી જેકબ પણ આ પદ સંભાળી ચૂક્યા છે.તમને જણાવી દઈએ કે શારદા મુરલીધરને રાજ્યમાં સ્થાનિક શાસન, ગ્રામીણ વિકાસ, ગરીબી નાબૂદી, મહિલા સશક્તિકરણના ક્ષેત્રોમાં કામ કર્યું છે અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, પંચાયતી રાજ મંત્રાલય અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલોજીના મહાનિર્દેશક રહી ચૂક્યા છે.

## યુટ્યુબરે રસ્તાની વચ્ચે ચલણી નોટો ઉડાડતા લોકોએ પૈસા લૂટ્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

વિચારો, જો તમે ટ્રાફિકથી ભરેલા રસ્તા પરથી પ સાર થઈ રહ્યા હોવ અને અચાનક કોઈ ચલણી નોટો ઉડાડવા લાગે તો શું સ્થિતિ હશે? દરેક વ્યક્તિ પોતાના વાહનો છોડીને પૈસા લૂંટવાનું શરૂ કરશે અને રસ્તા પર અરાજકતા જોવા મળશે.આવું જ કંઈક હેદરાબાદમાં બન્યું જ્યાં એક YouTuber અને સોશિયલ મીડિયા પ્રભાવક અચાનક રસ્તા વચ્ચે પૈસા ઉડાડવા લાગ્યા અને લોકો તેને લૂંટવા માટે એકબીજા સાથે લડવા લાગ્યા.હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેના પછી લોકોએ યુટ્યુબર વિરુદ્ધ પોલીસ કાર્યવાહીની માંગ કરી છે. વાસ્તવમાં, પાવર હર્ષ ઉર્ફે મહાદેવ નામના યુટ્યુબર અને ઈન્સ્ટાગ્રામ પ્રભાવકના આ બેદરકાર સ્ટંટથી હૈદરાબાદના એક રસ્તા પર અસ્તવ્યસ્ત સ્થિતિ સર્જાઈ હતી.સોશિયલ મીડિયા પર “its_me_power” તરીકે ઓળખાતા આ યુટ્યુબરે અચાનક કુકટપલ્લી વિસ્તારમાં હવામાં નોટોના બંડલ ફેંકવાનો વીડિયો શૂટ કરવાનું શરૂ કરી દીધું.

### પાડોશીઓએ કહ્યું- ખબર ન હતી કે આવો જાનવર રહે છે અહીં

## બદલાપુર : આરોપી અક્ષયના ૪ મહિના પહેલા થયા હતા બીજા લગ્ન

। (એજન્સી) થાણે, તા.૨૩ ।

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુરની એક શાળામાં બે છોકરીઓની યૌન ઉત્પીડનના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી અક્ષય શિંદેએ બે લગ્ન કર્યા હતા, આરોપીની પહેલી પત્નીએ તેની ખરાબ આદતોથી કંટાળીને તેને છોડી દીધો હતો, જે બાદ આરોપીએ તેને છોડી દીધો હતો. ચાર મહિના પછી જ બીજા લગ્ન કર્યા હતા. બદલાપુરમાં આરોપી અક્ષય શિંદેના પાડોશી સાથે વિશિષ્ટ રીતે વાત કરી, જેણે ખુલાસો કર્યો કે તે જ્યાં રહેતો હતો તે સમગ્ર વિસ્તાર આ ઘટનાથી આઘાતમાં હતો, આરોપી તેમના વિસ્તારમાં રહેતો હોવાની શરમ અનુભવતો હતો. નામ ન આપવાની વિનંતી કરતાં આરોપીના પાડોશીએ



જણાવ્યું કે અક્ષયના તાજેતરમાં લગ્ન થયા છે અને તે તેના ભાઈ અને માતા સાથે રહે છે, લગ્ન લગભગ ૪ મહિના પહેલા થયા હતા. આ તેમના બીજા લગ્ન હતા, તેમની આદતો અને તેમની વચ્ચેના ઘરેલું મુદ્દાઓને કારણે તેમની પ્રથમ પત્નીએ તેમને છોડી દીધા હતા. તેણે જણાવ્યું કે, બીજી પત્ની છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં દેખાતી નથી. તે છેલ્લા ૫ વર્ષથી આ વિસ્તારમાં રહેતો હતો.

**વિશેષ**

### ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ : રાષ્ટ્રની સુરક્ષા માટે ફોરેન્સિક સાયન્સ મહત્વપૂર્ણ

## ભારત ડિજિટલ વ્યવહારોમાં વિશ્વમાં અગ્રેસર છે ત્યારે સાઈબર સિક્યુરિટી ખૂબ જ મહત્વની

। (માહિતી) ગાંધીનગર ।

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે આજે ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-NFSUના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ પ્રોટોકોલ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ શ્રી ધનખડે રાષ્ટ્રીય સુરક્ષા, ન્યાય અને વિકાસમાં સંસ્થાના યોગદાનની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ એ રાષ્ટ્રની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. ફોજદારી ન્યાય પ્રણાલીમાં ફોરેન્સિક સાયન્સની મહત્વની ભૂમિકા છે. ‘પુરાવા’ એ અભિપ્રાયો કરતા વધુ મહત્વના છે, આ દિશામાં પ્રગતિથી માત્ર દોષીઓને દોષિત ઠેરવવા જ નહિ પરંતુ નિર્દોષને સુરક્ષિત રાખવા પણ તેટલું જ જરૂરી છે જેનાથી ભારતના કાયદા વધુ મજબૂત થશે. ફોરેન્સિક સાયન્સના વિદ્યાર્થીઓ સત્યને ઉજાગર કરી નિર્દોષ નાગરિકોને ન્યાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

તેમણે કહ્યું હતું કે, NFSUના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં નિર્દોષ નાગરિકો અને ન્યાય વચ્ચેનો સેતુ બનશે. કોઈપણ ગુનાની નિષ્પક્ષ રહીને તપાસ કરવી આપણું કર્તવ્ય છે. તમારી આવડતના પરિણામે આપણે આતંકવાદ અને પૂર્વ આયોજિત ગુનાહિત



પ્રવૃત્તિઓ સામે લડી શકીશું. તેમણે વિદ્યાર્થીઓને સરકારી નોકરીની સાથે સાથે અન્ય ક્ષેત્રોમાં પણ રહેલી સારી તકો ઝડપી લેવા અનુરોધ કર્યો હતો.

ઉપરાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, ભારત ડિજિટલ વ્યવહારોમાં વિશ્વમાં અગ્રેસર છે ત્યારે સાઈબર સિક્યુરિટી ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. વૈશ્વિક સ્તરે ભારત પ્રગતિની નવી દિશાઓ સર કરી રહ્યું છે. ભારત વૈશ્વિક સ્તરે ડિજિટાઈઝેશન ક્ષેત્રમાં ૫૦% થી વધુ હિસ્સો ધરાવે છે. આપણા દેશનો ઈન્ટરનેટ વપરાશ યુએસ અને ચીનના ઈન્ટરનેટ વપરાશ કરતાં પણ વધુ છે. સાથે જ વર્ષ ૨૦૨૫માં ભારત ૬-જી લોન્ચ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. વિકાસ સાથે આપણે ભાવિ પેઢી માટે પર્યાવરણનું પણ રક્ષણ કરવું પડશે. જેમાં ફોરેન્સિક સાયન્સ મોટી ભૂમિકા ભજવશે.

ભારતે જે સફળતા છેલ્લા ૬ વર્ષમાં હાંસલ કરી છે તે સામાન્ય રીતે ચાર દાયકામાં પણ હાંસલ કરવી શક્ય નથી. ભારત ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાં રોકાણ અને તકો માટે મનપસંદ વૈશ્વિક સ્થળ બન્યું છે. ભારત એ એક માત્ર એવું અર્થતંત્ર છે કે જે વૈશ્વિક પડકારો, કઠિન પરિસ્થિતિ અને સમસ્યાઓ છતાં ઉન્નતિની દિશામાં છે તેમ, તેમણે ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત હવે વિદેશી રોકાણકારોની પહેલી પસંદ બન્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને આપણે સૌ સાથે મળીને સાકાર કરીએ તેમ, જણાવી ઉપરાષ્ટ્રપતિ શ્રી ધનખડે આ પ્રસંગે વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપરાષ્ટ્રપતિશ્રીએ તેમના સંબોધનમાં ગુજરાતમાં થઈ રહેલી પ્રાકૃતિક ખેતીની સરાહના કરતાં જણાવ્યું હતું કે,ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને હું જ્યારે પણ મળું છું ત્યારે ખેડૂત તરીકે કંઈક નવું શીખું છું અને આ નવીન કાર્યશૈલીને વધુ પ્રમાણમાં દેશના નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરું છું. તેમની કૃષિ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને કૃષિમાં નવીનતા ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવે છે, હું તેમને આ ક્ષેત્રે ભવ્ય સફળતાની શુભેચ્છા પાઠવું છું. NFSUના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ.વ્યાસે યુનિવર્સિટી ખાતે પ્રથમવાર પધારેલા ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૦૮માં આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિવર્સિટીનું સૌ પ્રથમ કેમ્પસ ગાંધીનગર ખાતે શરૂ થયું હતું. આજે આ યુનિવર્સિટી ગાંધીનગર, દિલ્હી, ગોવા, ત્રિપુરા, ગુવાહાટી, ભોપાલ, ધારવાડ સહિત ભારતમાં કુલ ૧૦ તેમજ યુગાન્ડામાં એક કેમ્પસ ધરાવે છે. આ યુનિવર્સિટીમાં અંદાજે ૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંશોધન પણ કરી રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે યુનિવર્સિટી ખાતે ‘સેન્ટર ઓફ એક્સેલન્સ‘ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓએ ‘એક પેડ મા કે નામ‘ અંતગર્ત વૃક્ષારોપણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં NFSU દિલ્હી, ભોપાલ અને ધારવાડ વિવિધ કેમ્પસના વિદ્યાર્થીઓ પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, એમ.એસ. યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટી સહિત વિવિધ યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૯ ફાયર અધિકારીઓને નોકરીમાંથી કાઢી મુકાયા

# અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર અધિકારીઓ સસ્પેન્ડ થયા

## તમામ ફાયર અધિકારીઓ ઉપર બોગસ ડીગ્રી અંગેના આક્ષેપ : દસ દિવસમાં જવાબ આપવા સમય આપ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એક સાથે ૯ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ડિવિઝનલ ફાયર ઓફિસર ઓમ બીપીન જાડેજા, ડીવીઝનલ ઓફિસર કૈઝાદ મહેરનોશ દસ્તુરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સહાયક સબ ઓફિસર આસીફ એહમદ મોહમ્મદ હનીફ શેખ, સહાયક સ્ટેશન ઓફિસર સુધીર દાદુભાઈ ગઢવી, સહાયક સ્ટેશન ઓફિસર શુભમ અમીરદાન ખડીયા, સહાયક સ્ટેશન ઓફિસર, અભિજીત ગઢવી, સહાયક સ્ટેશન ઓફિસર મેહુલ ભરતભાઈ ગઢવી, સહાયક સ્ટેશન ઓફિસર અનિરુદ્ધસંહ કનકસિંહ ગઢવી, ડીવીઝનલ ઓફિસર ઈનાયકહુસેન ઈબ્રાહીમભાઈ શેખને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તમામ ફાયર અધિકારીઓ ઉપર બોગસ ડીગ્રી અંગેના આક્ષેપ લાગ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરે ફાયર અધિકારીઓને દસ દિવસમાં જવાબ આપવા સમય આપ્યો હતો. નાગપુરની કોલેજમાંથી મેળવેલ ડીગ્રી અંગે RTI કરવામાં આવતા સ્પોન્સરશીપ અને કોલેજની યોગ્યતા અંગે સવાલ ઉભા થયા હતા. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રેસનોટ મુજબ જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ સર્વિસીસ ખાતામાં અજમાયશી ધોરણે ફરજ બજાવતા નીચે દર્શાવેલ કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા બિનઅધિકૃત/ખોટી સ્પોન્સરશીપ દ્વારા N.F.s.c. નાગપુર ખાતે ખોટી રીતે પ્રવેશ મેળવીને શૈક્ષિણક લાયકાત મેળવવા સંબંધમાં આવેલ ફરિયાદ અનુસંધાને વિજીલન્સ તપાસ તથા ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની ખાતાકીય તપાસમાં સાબિત થતા તેઓને મ્યુનિ કમિશનરશ્રી દ્વારા ટર્મીનેટ કેમ ન કરવા ? તે અંગે ફાઈનલ શોકોઝ નોટીસ ઈસ્યુ કરવામા આવેલ. જે અન્વયે તેઓએ કરેલ ખુલાસો સંતોષકારક ન જણાતા કમિશનરશ્રી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તારીખ ૨૨-૦૮-૨૦૨૪ના રોજ સદર કર્મચારીઓ/અધિકારીઓને મ્યુનિસિપલ નોકરીમાંથી ટર્મીનેટ કરવા અંગેના હુકમાં કરવામાં આવેલ છે. ૧૦ દિવસમાં બોગસ સ્પોન્સરશીપ મામલે જવાબ રજૂ કરવાનો સમય આપવામાં આવ્યો હતો. સંતોષકારક જવાબ આપવામાં ન આવતા નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. અમદાવાદ ફાયરબ્રિગેડમાં ફરજ બજાવતા ડિવિઝનલ ફાયર ઓફિસર ઈનાયત શેખ અને ઓમ જાડેજાએ ગુજરાત સ્ટેટ સિવિલ ડિફેન્સ અમદાવાદની બોગસ સ્પોન્સરશીપ દ્વારા નાગપુરની નેશનલ ફાયર સર્વિસ કોલેજમાં પ્રવેશ મેળવી સબ ઓફિસરનું પ્રમાણપત્ર મેળવી અન્ય સંસ્થાઓમાં નિમણૂક મેળવી ફરજ બજાવી અને તેના અનુભવના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં નોકરી મેળવી હતી.

### મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

# બહુચરાજી મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત

। (એજન્સી) મહેસાણા, તા.૨૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાના મંદિરના પુનઃ નિર્માણના પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન કર્યુ હતું.તેમણે બહુચરાજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બહુચર માતાજીની પૂજા અર્ચના કરીને જન સુખાકારીની પ્રાર્થના કરી હતી. બહુચરાજી માતાજીના મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત રૂપિયા ૭૬.૫૧ કરોડના ખર્ચે બહુચરાજી માતાજી મંદિરનું પુનઃનિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઈંચ સુધી વધારવામાં આવશે. મંદિર પુનઃ નિર્માણનો સમગ્ર નકશો મુખ્યમંત્રી સમક્ષ પ્રવાસન વિભાગ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ મંદિર પરિસર સહિત ત્રણે ફેઝની સમગ્ર પુનઃ નિર્માણ કામગીરીની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું.મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓ તેમજ સ્થાનિકોનું ઉમળકાભેર અભિવાદન ઝીલ્યુ હતું. બહુચરાજી મંદિરના પુનઃ નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીના આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત પણ જોડાયા હતા. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મંત્રી રજનીભાઈ પટેલ, રાજ્ય સભા સાંસદ મયંકભાઈ નાયક, લોકસભા સાંસદ હરિભાઈ પટેલ, ધારાસભ્ય સુખાજી ઠાકોર, અગ્રણી સર્વ ગીરીશભાઈ રાજગોર, વર્ષાબેન દોશી, યજ્ઞેશ દવે, પ્રવાસન વિભાગના સચિવ રાજેન્દ્ર કુમાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ એસ. છાકછુઆક, ઈન્ચાર્જ જિલ્લા કલેકટર ડૉ. હસરત જૈસમીન સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યૂઝ બ્રિફ

## કોર્પોરેશન પોતાના હસ્તકના ૧૩ રીઝર્વ પ્લોટની હરાજી કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના ૧૩ રીઝર્વ પ્લોટની હરાજી કરી રુપિયા ૧૧૦૦ કરોડની આવક ઊભી કરાશે. સિંધુભવન રોડ ઉપરના પ્લોટના વેચાણથી રુપિયા ૩૦૦ કરોડથી વધુ આવક થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. ૩૦ સપ્ટેમ્બરથી ૩ ઑક્ટોબર ૨૦૨૪ દરમિયાન ઈ-ઑક્શન કરાશે. મોટેરા ઉપરાંત ચાંદખેડા, બોડકદેવ, થલતેજ, શિલજ, વસ્ત્રાલ, વટવા ઉપરાંત નિકોલ તથા સરખેજ-મકરબા વોર્ડના રહેણાંક તથા કોમર્શિયલ પ્લોટનુ હરાજી કરી વેચાણ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકસભાની ચૂંટણી બાદ ૨૨ રીઝર્વ પ્લોટની હરાજી હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ પૈકી કેટલાક જ પ્લોટનું વેચાણ થઈ શક્યું હતું. દરમિયાન અગાઉની હરાજી સમયે નહીં વેચાઈ શકેલા પ્લોટ સાથે કુલ ૧૩ રીઝર્વ પ્લોટની હરાજી કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. ત્રણ વખત હરાજી મોકૂફ રાખવામાં આવ્યા બાદ મ્યુનિ. તંત્રે પ્લોટોની હરાજી હાથ ધરી હતી. જેમાં રુપિયા ૨૨૫૦ કરોડની આવક થવાની ધારણા સામે માત્ર રુપિયા ૮૦૦ કરોડના પ્લોટ વેચી શકાયા હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## બાળકોની કોકલિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસરનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

વિધાનસભામાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિષયક મહત્વની જાહેરાત કરી હતી. જે બાળકોનું સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું હોય અને આ પ્રોસેસર બગડી ગયું હોય, તૂટી ગયું હોય, ખામી સર્જાઇ હોય કે બંધ પડી ગયું હોય તેવા કિસ્સાઓમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસરને સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.જેથી હવે બાળકોના માતા-પિતાને એક પણ રૂપિયાના ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. અગાઉ જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઈમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રકમના ૯૦ ટકા અને વાલી દ્વારા ૧૦ ટકા ફાળો આપવાનું નક્કી કરાયું હતું. હાલ રાજ્યમાં ૧૩૬૫ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસસર કીટ બદલવા માટે પસંદ કરાયા છે. જે પૈકી ચાલુ વર્ષે ૭૦૦ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઇ આવી છે. જેમાં એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટીનો સમાવેશ થાય છે. એક બાળકદીઠ અંદાજીત ૫ લાખનો ખર્ચ થશે. આમ અંદાજીત ૩૫ કરોડના ખર્ચે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ મળશે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યના ૩૧૬૩ જેટલા બાળકોની ૨૨૧ કરોડના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે જેનો અંદાજીત ખર્ચ ૭ લાખ છે.

### AMCએ કહ્યું મેટ્રો રેલ સાથે સંકલન કરી જાણ કરાશે

# પાલડી અંડરબ્રિજમાં પાણી ટપકવાનું શરૂ થયુ, રોડ તૂટતાં સળિયા દેખાયા

## પાંચ મહિના પહેલાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલા અંડરબ્રિજમાં રોડ તૂટી જતાં સળિયા દેખાવા લાગ્યા છે

। (એજન્સી) અમદવાદ, તા.૨૩ ।

શહેરના પાલડી વિસ્તારમાં જલારામ અંડરબ્રિજની કામગીરીને લઈને સવાલો ઊભા થયા છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે વિભાગ દ્વારા સંયુક્ત રીતે રૂપિયા ૮૨ કરોડના ખર્ચે બનાવેલા અંડરબ્રિજમાં ભ્રષ્ટાચાર પ્રકાશ્યો છે. ૫ મહિના પહેલાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલા અંડરબ્રિજમાં રોડ તૂટી જતાં સળિયા દેખાવા લાગ્યા છે. હલકી ગુણવત્તાનું બાંધકામ થયું હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.અંડરબ્રિજ પર જ્યાં રોડ તૂટ્યો છે ત્યાં કાંકરીઓ ઊખડે છે.

શહેરના પાલડી વિસ્તારમાં લો ગાર્ડન કલગી ચાર રસ્તાથી પાલડી તરફ જવાના રોડ ઉપર રેલવે બ્રિજ બાદ રોડ તૂટેલો છે અને સળિયા દેખાવા લાગ્યા છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઢાળના ભાગની ઉપર તરફ રોડ તૂટ્યો છે અને સળિયા દેખાવા લાગ્યા છે. આ અંગે કોર્પોરેશનના અધિકારીઓ મીડિયાને એવું જણાવી રહ્યાં છે કે, પાલડી અંડરબ્રિજને મેઈન્ટેન કરવાની અને રોડ રિપેરિંગ કરવાની જવાબદારી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનની છે. આ મામલે મેટ્રો રેલ સાથે સંકલન કરી જાણ કરાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના પીઆરઓ અંકુર પાઠકે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પાલડી જલારામ અંડરપાસમાં ચોમાસાના કારણે કામગીરી કરાઈ નથી. વરસાદ બંધ થયા બાદ રોડ રીપેરીંગની કામગીરી કરાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે વિભાગ દ્વારા સંયુક્ત રીતે રૂ.૮૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા અંડરબ્રિજમાં ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચાર થયો હોય તેવું સ્પષ્ટ જણાય છે. જલારામ મંદિર પાસે અંડરબ્રિજ બનાવવામાં આવ્યો ત્યારબાદ પાલડી તરફ બહાર નીકળતા ચાર રસ્તા અનેક નાના ટ્રાફિક સર્કલ આવતાં હતાં જે નડતાં હતાં. જેના કારણે ત્યાં ડિવાઈડરમાં થોડો ઘણો ફેરફાર કરવો પડ્યો હતો. પાણીના નિકાલની પણ યોગ્ય રીતે વ્યવસ્થા કરવામાં આવેલી નહોતી. જેના કારણે પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાદમાં અંડરબ્રિજમાં કામગીરી કરવામાં આવી હતી. આમ કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલા અંડરબ્રિજ મામલે ખુદ મુખ્યમંત્રી તપાસના આદેશ આપે તો અનેક બાબતો સામે આવી શકે તેમ છે.

### કંપનીએ ૧૦૦માંથી ૯૧ બીએસઆઇ સ્કોર જીત્યા

# અમૂલ દુનિયાની સૌથી મજબૂત ખાદ્ય-ડેરી બ્રાન્ડ

। (એજન્સી) આણંદ,તા.૨૩ ।

ભારતીય કંપની અમૂલ વિશ્વની સૌથી મજબૂત ફૂડ અને ડેરી બ્રાન્ડ બની ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડની નેસ્લેએ $20.8 બિલિયનમાં સૌથી મૂલ્યવાન બ્રાન્ડનું બિરુદ જાળવી રાખ્યું છે. બ્રાન્ડ ફાઇનાન્સ ફૂડ એન્ડ ડ્રિંક-૨૦૨૪ રિપોર્ટ અનુસાર, અમૂલનો પ્રભાવશાળી બ્રાન્ડ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (BSI) સ્કોર ૧૦૦માંથી ૯૧ છે. આ કારણોસર તેને છછછ રેટિંગ મળ્યું છે. ખાસ વાત એ છે કે ૨૦૨૩ સુધીમાં કંપનીની બ્રાન્ડ વેલ્યુ ૧૧ ટકા વધીને ૩.૩ અબજ ડોલર થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે અમૂલના ઉત્પાદનોની વિશાળ શ્રેણીએ તેને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જાણીતું નામ બનાવ્યું છે. ભારતીય બટર માર્કેટમાં ૮૫ ટકા બજારહિસ્સો અને ચીઝમાં ૬૬ ટકા બજારહિસ્સો સાથે, અમૂલની બ્રાન્ડ ઈક્વિટી દર વર્ષે મજબૂત બની રહી છે. બ્રાન્ડ વેલ્યુએશનના સંદર્ભમાં વિશ્વની ટોચની ૧૦૦ કંપનીઓમાં માત્ર ચાર ભારતીયોનો સમાવેશ થાય છે. અમૂલ ઈ૩.૩ બિલિયનના મૂલ્યાંકન સાથે યાદીમાં ૨૨મા ક્રમે છે. ૨૦૨૩ની સરખામણીમાં કંપનીએ ચાર સ્થાનની છલાંગ લગાવી છે. બ્રિટાનિયા પાંચ સ્થાન સરકીને ૬૮માં સ્થાને પહોંચી ગયું છે. મધર ડેરી સાત સ્થાનની છલાંગ લગાવીને ૮૭માં સ્થાને છે, જ્યારે નંદિની ૯૫માં સ્થાને છે. વૈશ્વિક સ્તરે, ખાદ્ય અને પીણા ક્ષેત્રની એકંદર બ્રાન્ડ વેલ્યુ ૪ ટકા ઘટીને લગભગ $268 બિલિયન થઈ ગઈ છે. આ ઘટાડાનું કારણ એ છે કે ગ્રાહકો પરંપરાગત મોટી બ્રાન્ડ્સ કરતાં નાની અને ખાનગી લેબલ કંપનીઓને પસંદ કરી રહ્યા છે. ટોપ-૧૦ ડેરી બ્રાન્ડ્સનું મૂલ્યાંકન ૬ ટકા ઘટ્યું છે, જે હવે ઈ૪૩.૮ બિલિયન થયું છે.

### છેક પ્રદેશ મોવડી મંડળ સુધી રજૂઆત કરી હતી

# ડીસા નગરપાલિકામાં ભાજપના ૧૭ સભ્યોના રાજીનામાથી હડકંપ

## ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં છેલ્લા કેટલાય સમયથી ચાલતો આંતરિક જૂથવાદ હવે સપાટી પર આવ્યો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૩ ।

ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં છેલ્લા કેટલાય સમયથી ચાલતો આંતરિક જૂથવાદ હવે સપાટી પર આવી ગયો છે. પાલિકા પ્રમુખ મનસ્વી રીતે વહીવટ ચલાવતા હોય તેમ જ સભ્યોની રજૂઆતો સાંભળી તેઓના કામ થતાં ન હોવાના આક્ષેપ સાથે પાલિકામાં ઉપપ્રમુખ વિવિધ સમિતિઓના ચેરમેન શાસક પક્ષના નેતા સહિત ૧૭ જેટલા સભ્યોએ શહેર ભાજપ કાર્યાલયે પોતાના રાજીનામાં આપ્યા હતા. ડીસા નગરપાલિકામાં એક વર્ષ અગાઉ બીજા ટર્મમાં પ્રમુખ ઉપપ્રમુખની વરણી થયા બાદ ભાજપમાં રીતસરના બે જૂથ પડી ગયા હતા.જેમાં વર્તમાન ધારાસભ્ય પ્રવીણભાઈ માળી તેમજ પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના જૂથમાં સભ્યો વહેંચાઈ ગયા હતા. ત્યારથી ડીસા નગર પાલિકામાં આંતરિક જૂથવાદ ચાલી રહ્યો છે. જેથી વર્તમાન પ્રમુખ સંગીતાબેન દવેને હટાવવા એક જૂથ છેલ્લા કેટલાય સમયથી સક્રિય પ્રયાસો કરી રહ્યું હતું અને પાલિકા પ્રમુખ મનસ્વી રીતે વહીવટ ચલાવતા હોવાનું, તેમજ સભ્યોની રજૂઆતો સાંભળવામાં ન આવતી હોવાનું અને તેમના કામો થતા ન હોવાના આક્ષેપ સાથે છેક પ્રદેશ મોવડી મંડળ સુધી રજૂઆત કરી હતી. ત્યારબાદ છેલ્લા વીસેક દિવસથી પાલિકા પ્રમુખને ફરજીયાત રજા ઉપર ઉતારી દઈ ઉપપ્રમુખને તેનો ચાર્જ આપવા પણ આ નારાજ જૂથ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ તે બાબતે કોઈ નિર્ણય ન આવતા આખરે આજે પાલિકાના ઉપપ્રમુખ શાસક પક્ષના નેતા સહિત વિવિધ સમિતિઓના ચેરમેનો અને સદસ્યોએ ડીસા શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પટેલને પોતાના રાજીનામાં સુપ્રત કર્યા હતા. અમારી કોઈ રજૂઆત સાંભળવામાં આવતી નથી : શૈલેષભાઈ રાયગોર, ઉપપ્રમુખ ડીસા નગરપાલિકામાં પ્રમુખ દ્વારા મનેશ્વરી રીતે વહીવટ ચલાવવામાં આવે છે હું ઉપપ્રમુખ હોવા છતાં જનરલ બોર્ડ અને અન્ય કોઈ બાબતે અમને વિશ્વાસમાં લેવામાં આવતા નથી. આજે કુલ ૧૭ સભ્યોએ પોતાના રાજીના સુપ્રત કર્યા છે. પ્રમુખે કોઈની વાત સાંભળી નથી કે શાસક પક્ષના નેતા સહિત કોઈ સભ્ય સાથે સંકલન કર્યું નથી. ચોમાસુ હોવા છતાં પાલિકામાં દવાઓ નથી. વહીવટ ખાડે ગયો છે. અમે રાજીનામા જિલ્લા કાર્યાલયે મોકલાવીશું : અશોકભાઈ પટેલ, મહામંત્રી, ડીસા શહેર ભાજપ પાલિકાના નારાજ સભ્યોએ અગાઉ રજૂઆત કરતા અમે પ્રદેશ કક્ષાએ પણ રજૂઆત કરી હતી.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨